LIFE SKETCH

OF

Dr Sir TEMULJI BHICAJI NARIMAN,

KT., L.M., F.C.P.S.

THE LIFE

OF

DR. SIR TEMULJI BHICAJI NARIMAN, KT.

L.M., F.C.P.S.

ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાન, નાઇટ

એલ.એમ., એફ.સી.પી.એસ.

તેમની ઝલકતી કારકીરદીનો હેવાલ.

(સને ૧૨૮૪ ના ઝોરાસ્ટ્રીયન કાલેન્ડર ઉપરથી.)

યઝદેજરદી સને ૧૨૮૪.

ઇસ્વી સને ૧૯૧૪.

સોરાબજી મનચેરજી બજગોરે "મુંબઈ વરતમાન પ્રેસ" માં, મી૰ નાદરશાહ વકીલના બંગલામાં,

નં૰ ૪૬૨ પ્રોકટર રોડ, ગ્રાંટ રોડ, મુંબઈ ખાતે છાપ્યું છે અને

સોરાબજી તથા હોરમજી મનચેરજી બજગોરે ખેતવાડી ૮ મી ગલી અને વાકા મોહલા, ચીરાબજાર,

મુંબઈ ખાતે પોતાને સ્થાને પ્રગટ કર્યું છે.

ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાન, નાઈટ.

મુંબઈના પારસી સુવાવડખાનાના વડા તબીબ.



જનમ—રોજ ૧૨ મે માહ ૧૨ મે શેહેનશાહી સને ૧૨૧૭ યઝદેજરદી.
તારીખ ૩ જી સપટેમબર સને ૧૮૪૮ ઇસ્વી,
સંવત ૧૯૦૪ ના ભાદરવા સુદ ૫ ને વાર રવી.

સર નાઈટ થયા—રોજ ૨૨ મે માહા ૪ થા શેહેનશાહી સને ૧૨૮૩ યઝદેજરદી,
તારીખ ૧ લી જાનેવારી સને ૧૯૧૪ ઇસ્વી,
સંવત ૧૯૭૦ ના પોસ સુદ ૫ ને વાર ગુરૂ.

ડાકટરે સર તેમુલજી ભીખાજી નરીમાન—
તેમની ઝલકતી કારકીરદી.

આપણી રાજકર્તી કોમનાં ચાલુ ૧૯૧૪ નાં નવાં સાલને દીને તેની ખુશાલીમાં બાહેર પડેલાં માન ચાંદનાં ગેઝેટ મધે આખાં મુંબઇ શેહર તથા પારસી કોમમાંથી એકજ ગ્રહસ્થને "સર નાઇટ" જેવા નામીચા ખેતાબનાં ઉંચા માનની નવાજેશ નામદાર બ્રીટીશ સરકાર તરફથી કરવામાં આવી છે. એ ભાગ્યશાલી નર તે, મુંબઇ શેહરના એક જાણીતા આગેવાન શેહરી અને વખણાયલા બાહોશ તબીબ તથા પારસી ટોલાના એક માનીતા માનવંત મેમ્બર ડાકટર તેમુલજી ભીખાજી નરીમાન છે, કે જેમની મુબારક સખી તથા ઝલકતી કારકીરદી, એજ યાદગાર બનાવનાં કારણે અમાઃાં આ કેલેન્ડરમાં, જેમ આગલા સાલોમાં સર નાઇત તથા બારોનેટના માનવંત ખેતાબો મેલવવાને ભાગ્યશાલી થયલા ગ્રહસ્થોના જન્મ વૃતાંત તેમની સખી સાથે આપ્યાં હતા, તેમ આપવાને અમે અમારી ફરજ વિચારી છે.

સર નાઇટનો ખેતાબ મહત્વનો તથા માનવંત છે અને ઇસ્વી સને ૧૮૪૨ ના સાલથી તે આજ દીન સુધી એ સર નાઇટના ખેતાબના ઉંચાં માનની નવાજેસ પારસી કોમમાંથી ૯ સખી ગ્રહસ્થો ઉપર થઈ હતી, જ્યારે બીજા ૩ વધુ માનવંત ગ્રહસ્થો સર નાઇત બેરોનેટના બાદશાહી ખેતાબો મેલવવાને ભાગ્યશાળી થયા હતા. આ વરસે ડા૦ તેમુલજીને સર નાઇતના મલેલા ખેતાબથી એકનો ઉમેરો થઇ ૧૦ સર નાઇટો તથા ૩ સર નાઇટ બેરોનેટ થયલા છે, જે બીના નાની સરખી પારસી કોમ માટે ખુશાલી તથા મગરૂરી ઉપજાવનારી લેખાઇ શકાશે.

સર નાઇટનો ઉંચો ખેતાબ મેલવવાને નસીબવંત નિવડવા માટે પ્રથમ અમે ડા૦ તેમુલજીને પોતાને, પારસી કોમને, મુંબઇ શેહરને, તથા નામદાર શેહનશાહ જ્યોર્જ પાંચમાને મુબારકબાદી આપીએ છીએ અને દુવા ગુજારીએ છીએ કે, એ પાદશાહી માન સુખવાલી લાંબી જીંદગી સાથે ભોગવવાને તથા એથી ચઢતાં માન પાન મેલવવાને ડા૦ તેમુલજી ભાગ્યશાલી થાય. નામદાર સરકાર જે લાયક પ્રજાકીય અગ્રેસરોની અમુલ્ય સેવાઓની સંભાલથી પીછાન કરે છે તે તેને ઘણું સ્તુતીપાત્ર છે.

એ માન મેલવવા માટે ડા૦ સર તેમુલજી ખરેખરાલાયક છે, જે એવણની આપેલી કીર્તિવાન કારકીરદીથી વાંચનારાઓ જોઇ લેશે. ડા૦ સર તેમુલજી પોતાની નીતી, બુદ્ધિ, કેલવણી તથા સાહસથી આગલ વધેલા એક self-made man (આપબળે વધેલા માણસ) છે, અને તેથી તેમનું જન્મ ચરીત્ર મનન તથા નકલ કરવા જોગ છે. તેઓ જોકે હાલ મુંબઇના વતની થઇ પડેલા છે, તોપણ તેમનું અસલ વતન, "ધરમ ટેકરી" ગણાતું નવસારી છે. ત્યાંથી જોકે તેઓ નાધલી વયે મુંબઇ આવી વસ્યા અને માનમરતબે વધ્યા હતા, તોપણ તેમની ચઢતીનો પાયો યા પારણું તો નવસારીજ છે. "પણોતે પુત પારણેથી જણાય" તેમ, તેઓની ચઢતીનાં ચિન્હો નવસારીમાં તેમની નાધલી વય તથા સ્કુલ બોય તરીકેની કારકીરદીથીજ દ્રષ્ટીગોચર થયાં હતાં. ડા૦ સર તેમુલજી બચપણથી સાદા, જાતેજ ચંચળ, બુધ્ધીશાલી, મેહનતુ તથા ખડતલ

હતા. એવણુ જેટલા મગજે મજબુત તેટલાજ શરીરે ચીવટ, હીમતવાન તથા બહાદુર હતા, અને તે વેળાની ત્યાંની દેશી રમતોમાં પોતાના બીજા ગોઠ્યાઓ ઉપર સરસાઇ ભોગવતા હતા. તે જમાનામાં નવસારીમાં તાલીમબાજી તથા કુસ્તીનો હુનર વખાણુ સાથે પ્રચલીત હતો, અને ડા૦ તેમુલજી પોતાના હરીફ કુસ્તીબાજો સાથ કુસ્તી ખેલતાં લગભગ હંમેશ ફતેહમંદ નીવડતા હતા.

ડા૦ તેમુલજીના બાપદાદા મોબેદાનમોબેદ હતા. તેમનાં પીતાશ્રી મરહુમ એરવદ સાહેબ ભીખાજી મુંબઇમાં કાપડનો વેપાર કરતા હતા, તોપણુ તેઓ નાવર મરતબ થયા હતા, અને ડા૦ તેમુલજી પણુ નાવર થયા હતા. તેમના બપાવા મરહુમ મોબેદ રતનજી નરીમાન, કુશળ મોબેદ હોઇ નવસારીમાં પાક ઇનામદારીથી મોબેદી પેશો કરતા હતા, અને તે પેશાની રૂએ તેમનાં કેટલાંક કુશો હતાં, જેમને ત્યાં થતાં આફરીંગાનોમાં જવાન તેમુલજી, "જોતી" સામે "આતરવક્ષી"ના ભાગ ભજવતા હતા. તેમની એ કારકીરદીમાં તથા એ "મોબેદીમાં" તેમના હમેશના સાથી અને જુના દોસ્ત, આપણુા જાણીતા લેખક તથા કવી મી૦ ખરશેદજી બહમનજી ફરામરોજ હતા, જેઓ બંને તે વેલા સફેદ પાઘડી રાખતા હતા.

સુભાગ્યે ડા૦ તેમુલજીના પીતા મરહુમ એરવદ ભીખાજી બહુ દીર્ઘદ્રષ્ટીવાલા, કેળવણીને ચાહનારા તથા પોતાના બેટાઓને કેમ આગલ વધારવા તેની સમજ ધરાવનારા હતા. તેજ વેળા નવસારીમાં અંગ્રેજી શાળા તથા કેળવણીનો પાયો નખાયો હતો, જેનો લાભ પોતાના બેટાઓને આપવામાંજ નહી, પણુ નવસારીમાં તેનો પાયો મજબુત કરવામાં તે મરહુમે આગેવાન ભાગ ભજવી કીમતી મદદો આપી હતી. પોતાના બેટાઓને કેળવણીમાં આગલ વધારવા માટે તેવણે તેઓને પાછલથી મુંબઇ બોલાવી લઇ પોતાની સાથે રાખ્યા, જ્યાં ડા૦ તેમુલજી વધુ તથા ચઢતી કેલવણી લઇ ઘણુા આગળ વધ્યા, અને આજના જેવી ઇર્ષા કરવા જોગ ચઢતી હાલતે પહોંચી સેવટે સર નાઇટ થવાને શક્તીમાન થયા છે.

સર તેમુલજીના ભાઇ ડાકટર પેસ્તનજીબી આપણી યુનીવરસીટીમાંથી પાસ થપલા જાણીતા તબીબ છે. એવણુ જંગબારના નામદાર સુલતાનને ત્યાં લાંબો વખત સુધી તબીબ તરીકે રહયા હતા. ડા૦ પેસ્તનજીને જંગબારના સુલતાંન તરફથી "ઓરડર ઓફ ધી બ્રીલંયત સ્ટાર ઓફ જંજીબાર" અને "સઇડીયાના" નામના બે ઉંચા ખેતાબો એવણુની લાંબી કીમતી નોકરીની સેવામાં એનાયત કરવામાં આવ્યા હતા. વળી સર તેમુલજીના એક બેટા ડા૦ રતનશાહબી આપણા શેહેરમાં તબીબી ધંધો પુર ફતેહમંદીથી ચલાવે છે અને એઓ પોતાના પીતા સર તેમુલજીને પારસી સુંવાવડખાનામાં કામકાજમાં બીનહાંસલે પોતાની કીમતી મદદ આપતા આવ્યા છે.

ડા૦ તેમુલજીની એવી લાયકાતો ઉપરાંત તેઓ જાતે બહુ ભલા, ભોલા, ઉદાર મનોવૃત્તિના, નર છે, કે જે પોતાના ગુણો વડે, અલબતે, પોતાની કેલવણી તથા ઉંચી લાયકાતો સાથે તેઓ પોતાની આસપાસ એક અતી મોટું મીત્ર મંડળ ભેગું કરવાને શક્તીમાન થયા છે, અને તે મીત્ર મંડલમાં સ્વદેશી તથા હમકોમી શ્રીમંતો, શેઠીયાઓ, અકાબરો, ઓધેદારો તથા ગવરનરો પણુ સમાઇ જાય છે, કે જેમનો વગ વસીલો ડા૦ તેમુલજીની ચઢતીમાં ચક્રવૃધ્ધિ ઉમેરો કરનાર થઇ પડયો છે.

સર તેમુલજીની કારકીરદીમાં એક તુરા સમાન કામ, પારસી સુવાવડખાનાની સ્થાપનાનું છે, કે જેની સ્થાપના સાથે તેમની જાહેર કારકીરદીનો સુર્ય ઉંચી નોબતે પુગો છે.

એવણનું નામ પારસી કોમમાં ઘરગતુ શબ્દ માફક થઇ પડયું છે. પારસી બાનુઓ માટે આખાં હીંદુસ્તાનમાં પેહેલવહેલાં એક નમુનેદાર સુવાવડખાનાની સ્થાપના કરી કોમની તેઓએ જે કીમતી સેવા બજાવી છે તે લાંબો વખત સુધી ભુલી જઇ શકાશે નહી. આશરે ત્રણ દાએકાથી આગમચના વખતમાં જ્યારે પારસીઓમાં સુવાવડખાનાં જેવું કોઇ ખાતુ હસ્તી ધરાવતું નહી હતું તે વેળાએ સુવાવડી પારસી બાનુઓને હવા ઉજાશનાં કશાં પણ સાધનો વગરની અંધીઆર ખડકીઓમાં બચ્ચાંઓનો જન્મ આપવો પડતો હોવાથી તથા તે પણ બીનકેળવાયલી અભણ દાઇઓને હાથે તેઓની સુવાવડ થતી હોવાથી કેવા કીમતી કાજગરા જાનો બરબાદ જતા હતા તે બીનાથી ઘણા પારસીઓ અંજાણ હશે નહીં. એવા સંજોગો વચ્ચે સર તેમુલજીએ પારસીઓ વચ્ચે એક અપ-ટુ-ડેટ સુવાવડખાનાનો પાયો આખાં હીંદુસ્તાનમાં પહેલવહેલો નાંખી એવાં ખાતાંનો લાભ લેવાને માટે પારસી બાનુઓને કેળવવાનાં ઘણાં તારીફલાયક પગલાં ભર્યાં નહીં હતે તો આજે સુવાવડખાનાઓનો પારસી બાનુઓ તરફથી જે મોટી સંખ્યામાં લાભ લેવામાં આવે છે તેવો લાભ તેઓ કવચીતજ લેવાને લલચાતે એમ સેહજ પણ સુહરાગત વીના કહી શકાશે. આ સુવાવડખાનું જે આવી સરસ પંકતીએ પુગું છે તે સર તેમુલજીની ચાલુ ખંત અને રાત દીવસોની સખત જેહમત તેમજ જાહેર હીમતનું પરીણામ છે. તેમજ એ સુવાવડખાનાંનો કારોબાર જે સર તેમુલજી નરીમાન ફતેહમંદીથી ચલાવે છે તેમાં લેડી તેમુલજી તથા ડા૦ રતનશાહ તેમુલજી નરીમાન એ સુવાવડખાનાની સ્થાપનાથી વરસો થયાં પોતાની કીમતી મદદ તથા સલાહ આપતા આવ્યા છે જે ખરેખર સ્તુતીપાત્ર છે. આ સુવાવડખાનાની સ્થાપના પછી ઘણા વરસો સુધી એ સુવાવડખાનું સારી સ્થીતીએ પોંચી પગભર થયું ત્યાં સુધી દરેક સુવાવડી બાઈની દવા વગેરે સર તેમુલજી પોતાની ગીરોના ખરચે પોતાના દવાખાનામાંથી મુફત પુરી પાડતા હતા. તેમજ સુવાવડખાનામાં એવણ જેટલાભી ઓપરેશન વગેરે કરતા આવ્યા છે તે માટે કશી ફી આજ દીન સુધી લીધી નથી. એઓની આવી કીમતી અમુલ્ય સેવાઓનું દામ ગણવામાં આવે તો પારસી ટોળા ઉપર હજારો રૂપ્યા નહીં પણ લખો રૂપ્યાની મોટી મદદ કીધેલી કહેવાય, જે માટે સર તેમુલજીને ખરેખર ધન્યવાદ ઘટે છે.

આ સુવાવડખાનું હમેશા ચીકાર ભરાયલુંજ રહે છે અને એની સ્થાપના થયા પછી માતા તથા બાળકોનું મણ પ્રમાણ ઘણી ઓછી હદ ઉપર લાવવાને બની શકયું છે. તેમજ હીંદુસ્તાનના બીજા ઘણા શેહેરોમાંથી પણ પારસી બાઇઓ સારી સંખ્યામાં એ ખાતાંનો લાભ લેવા લાગી છે. સર તેમુલજીનાં આ સુવાવડખાનાના પ્રતાપે આજે આપણાં શેહરમાં બીજા પારસી સુવાવડખાનાં હસ્તીમાં આવ્યાં છે, જેઓ પણ કોમની હાજતને પુગી વળનારાં પુરવાર થયાંછે. એ ઉપરાંત નવસારી સરખા જુના વીચાર ધરાવનારા પારસી ભાઇઓથી વસાયલા કસબામાં પણ એવા એક ખાતાંની જરૂર પીછાની ત્યાંભી એક સુવાવડખાનું હસ્તીમાં લાવવામાં આવ્યું છે અને તેનો સારો લાભ લેવામાં આવે છે. એવીજ રીતે બીજી કોમોએ પણ એવા ખાતાં પોતાની કોમની સ્ત્રીઓ માટે સ્થાપવાની શરૂઆત કરવા માંડા છે..

સર તેમુલજી એક જાહેર શેહરી તરીકે આજ વર્ષો થયાં ઘણાંક જાહેર ખાતાંઓ સાથે સંબંધ ધરાવતા આવ્યા છે. કોરપોરેશન અને યુનીવરસીટી સેનેટમાં લાંબો વખતથી બેઠક ધરાવતા આવ્યા છે. મુંબઇના માજી ગવરનર લોર્ડ સીડનહેમના અમલમાં તેવણને મુંબઇ સરકારની ધારાસભામાં પારસી કોમના એક પ્રતીનીધી તરીકે નામદાર સરકાર તરફથી નેમવામાં આવ્યા હતા. હીંદી બાનુઓ અને ખાસ કરી પરદેનશીન સ્ત્રીઓને તાતકાળીક તબીબી મદદ

પુરી પાડનારાં કાઉન્ટેસ ઓફ ડફરીન ફંડના મુંબઇની શાખાના ઓનરરી ટ્રેઝરરનો ઓધો તેઓ આજ કેટલાંક વર્ષ થયાં ધરાવતા આવ્યા છે અને એ ખાતાંમાં તેઓએ અત્યારસુધીમાં જે કીમતી સેવાઓ બજાવી છે તેની પીછાણ મુંબઇના આગલા ગવર્નરોએ વખતો વખત કરી છે. સર તેમુલજીએ એ રીતે ઘણાક બીજા જાહેર ખાતાંઓની સેવા પાછલ પણ પોતાનો કીમતી વખત ફાઝલ પાડવાની જોગવાઈ કીધી છે અને તેવણે પોતાના અંતઃકરણના અવાજ મુજબ એક કસાયલા અનુભવી તબીબ તરીકે તેમજ એક ઉત્સાહી શેહરી તરીકે જાહેર પ્રજા તેમજ નામદાર સરકાર અને પારસી કોમની ઘણી ઉપયોગી સેવાઓ અત્યારસુધીમાં બજાવવાની જે ઉલટ એવણે દેખાડી છે તે એવણને માટે ઘણું માન ભરયું છે. વળી મુંબઇનાં સ્વતંત્ર ખાનગી તબીબી ધંધાદારીઓના એક આગેવાન તુરા તરીકે નામદાર સરકારે એવણની ઉંચી પીછાણ કરીને આપેલું આ મોટું માન સ્વતંત્ર તબીબી ધંધાદારીઓમાં સંતોષ બરપા કરયા વગર રહેશે નહી

સર તેમુલજી પોતે ડાકટરી ધંધામાં કેટલા બધા કાબેલ છે તે એટલા ઉપરથી માલમ પડશે કે મોટા તબીબી યુરોપ્યન ડાકટરો એવણની કાબેલ્યત વાસ્તે ઘણું ઉંચું મત ધરાવે છે, તેથી કેટલાક યુરોપ્યન ડાકટરો વટીક પોતાની માદગીના વખતમાં સર તેમુલજીની સલાહ લઇ એવણનીજ દવા કરતા હતા તેમજ એઓની ઓહોલી ધરાકામાં એક જાણવાજોગ બીના એ છે જે યાહુદી જેવી ચપલ કોમબી એવણની બાહોશી પર ફીદા થઇ છે. મુંબઇમાં વસ્તુ યાહુદી કુટુંબ એવું નહી હશે કે જેણે એવણની સહલા તથા દવા કીધી નહીં હોય.

ડા૦ તેમુલજીનાં ભલાં દીલના દાખલામાં આ વાત જાણવાજોગ છે કે, પોતે શ્રીમંતાઇમાં આવ્યાં છતાં તેઓ પોતાના જુના મીત્રો તથા ખેશીઓને જોવાને તેવાં વહાલથી ચાહે છે, અને તેઓમાંનાં હાજતમંદોને ઘણી સારી છુપી મદદ કરતા આવ્યા છે. એવણ પોતાની ચાલુ ધીકતી ધરાકી છતાં સેંકડો ગરીબ કુટુંબોને તથા નોકર ચાકરોને મુફત દવાદારૂ આપી તેઓને ઘરે સહલા આપવા જાયછે તો ફી બી લેતા નથી, તેમજ પોતાની નાહલી વયના ઘણાક દોસ્તો જોકે તેઓમાંના ઘણાકો હાલમાં સારી સ્થિતીએ પોચ્યાં છે તોબી કોઇ બી પાસ ફી હજી સુધી લેતા નથી, એટલુંજ નહી પણ પોતે અથોરનાન હોવાથી કોઇબી મોબેદ સાહેબો જેઓ આગીયારી યા આતશ બેહરામમાં એવણને જોવા બોલાવે છે તેઓ પાસેથી હજી સુધી ફી એવણ લેતા નથી. સારાંશ, ડા૦ સર તેમુલજીના ગુણો, કાર્યો બલકે આખી જીંદગી નકલ કરવા જોગ છે.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનનું જીવન ચરિત્ર અને એવણની કારકીરદીનો જાણવાજોગ હેવાલ.

સર તેમુલજીની સરૂઆતની કારકીર્દી.

ઓનરેબલ ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાનનો જનમ નવસારીમાં રોજ ૧૨ મો માહ ૧૨ મો યઝદેઝરદી સને ૧૨૧૭ ને દીને યાને તા૦ ૩ જી સપટેમબર ૧૮૪૮ ના સાલમાં થયો હતો. એવો સાહેબને હાલમાં ૬૬ વરસ પુરા થઇ ૬૭ મું ચાલે છે. સર તેમુલજી પોતાની પાંચ વરસની ઘણી નાહાની ઉમરે લેદી સુનાબાઇ જેવણ એવણના ફુઇના દીકરી થતા હતા અને નવસારીના દસતુર મેહરજીરાણાના ખાનદાનમાના હતા તેવણ સાથે લગનના ગાંઠથી જોડાયા હતાં.

૫. સને ૧૨૮૨ના સાલના અમરદાદ મહીનાના બહમન રોજે એવણનાં લગનને ૬૦ વરસ પુરાં થયાં છે. એવોને ત્યાં ૩ બેટા અને ૨ બેટીઓ મળી પાંચ ફરજંદોની વરૂદ્ધી થઇ હતી તેમાં હાલમાં બે દીકરાઓ છે જેઓમાંના એક ડા૦ રતનશાહ અતરે ફતેહમંદીથી તબીબી ધંધો કરેછે જ્યારે બીજા બેટા જાહાંગીરજી સુતરની દલાલી કરે છે અને મેસરસ ઇ. ડી. સાસુનની જાણીતી કંપનીમાં દલાલ બી છે. એવોની બે બેટીઓ અતરે સારે ઠેકાણે પરણેલી છે.

સ્કુલ તથા કોલેજને લગતી કારકીર્દીની વીગત.

ઇસ્વી સને ૧૮૫૬ના અકટોબર મહીનામાં નવસારી જરથોસ્તી મદરેસા પહેલી સથાપવામાં આવી જે હાલ સર કાવસજી જહાંગીર નવસારી હાઇ સ્કુલને નામે ઓળખાય છે. એ મદરેસા પહેલવેહેલી સથાપવામાં મરહુમ શેઠ ખરશેદજી નસરવાનજી કામા સાથે સર તેમુલજીના પીતા મરહુમ એરવદ ભીખાજી રતનજી નરીમાને ઘણો આગેવાની ભરયો ભાગ લીધો હતો, તેમજ એરવદ ભીખાજીએ એ સ્કુલના ફંદમાં પહેલવેહેલી નાણાંની સારી જેવી રકમ બી ભરાવી આપી હતી. જે દીવસે એ સ્કુલ પહેલવેહેલી ઉઘાડવામાં આવી હતી તેજ દીવસે, સર તેમુલજી એ સ્કુલમાં જોડાયા હતા. બે વરસ સુધી એવણ ગુજરાતી સીખ્યા પછી ૧૮૫૮ ના સાલમાં અંગ્રેજીનો અભ્યાસ શરૂ કીધો હતો, અને અંગ્રેજી ઉપરાંત તે વખતે એવણ જંદ અને પહેલવી ભાષાઓનોબી અભ્યાસ સાથે કરતા હતા. સર તેમુલજી પોતાની દશ કે અગીઆર વરસની નાહાની ઉમરે નાવર થયા હતા, અને એવણના બપાવા મરહુમ રતનજી જેવણ નવસારીમાં અથોરનાની પેસો ઇનામદારીથી કરવાને માટે ઘણા જાણીતા હતા, તેવણ સાથે આફરગાન અને સતુમ એટલી નાહની ઉમરે કરતા હતા. સને ૧૮૬૨ ના અકટોબર મહીનામાં એવણે પોતાના કુટુંબ સાથે મુંબઇ આવી વસવાટ કીધો હતો. એ પછી એવણ એલફીનસટન હાઇ સ્કુલમાં મરહુમ શેઠ હોરમસજી શાપુરજી ચોકયા જેવણ તરતના તીચર નેમાયા હતા, તેવણના કલાસમાં દાખલ થઇ થોડીજ મુદતમાં શેઠ દાદાભાઇ પેસતનજી માસતરના વરગમાં જોડાયા હતા. જ્યાથી એવણે સને ૧૮૬૫ નાં સાલમાં મેતરીક્યુલેશનની પરિક્ષા પેહલીજ વખતે પસાર કીધી હતી. સર તેમુલજીના બાવા જેવણ કેળવણીનો પ્રયાસ કરાવવા ઘણા ખંતી હતા, ને તે વખતે સફેદ પાઘડીવાળો કોઇ ડાકટર નહીં હોવાથી અને એવણ તે વખતે સફેદ પાઘડી પેહરતા હોવાથી એવણના બાવાની મરજી એવણને એક ડોકટર કરવાની હતી તેથી અતરેની ગ્રાંટ મેડીકલ કૉલેજમાં એવણને દાખલ કીધા હતા, જ્યા મુરડાં ચીરવાના ઓરડામાં મુરડાં ચીરેલાંનો દેખાવ ડા૦ તેમુલજીને પસંદ નહીં પડવાથી તે કૉલેજ છોડી એવણ ઍલફીનસટન કૉલેજમાં જોડાયાં. એલફીનસટન કોલેજમાં એવણ પોતાના એક વરસના અભ્યાસ દરમયાન એવણ કુસ્તી અને કસરતના બહુ શોખીન હોવાથી મોટો વખત કસરતશાળામાં કહાડતા હતા, અને બહુ મસ્તીખોર હોવાથી તે વખતના પ્રીનસીપાલ ચૅટફીલ્ડે કૉલેજના બોરડ પર એવણને નામની નોટીસ મુકી કે મસતી તોફાન અને આળસાઇને વાસ્તે એવણની સ્કોલરશીપ છીનવી લેવામાં આવી છે. એથી ડાકટર તેમુલજીએ પોતાને અપમાન થયલું સમજી કોલેજ છોડીને પોતાના પીતાની કાપડની દુકાન જે તે વખતે માવજી ભીખાજીની કાપડની દુકાનને નામે ઘણી સારી ધીકતી હાલતમાં હતી તે દુકાન પર કાપડ્યા તરીકે જોડાવાને એવણ તૈયાર થયા. એવણના પીતાને કેળવણીનો બહુ શોખ હોવાથી તરેહવાર બાહના કહાડી એવણને પાછા મેડીકલ કૉલેજમાં જવા સમજાવતા હતા, અને આખરે એક નજીવાં કારણસર એવણે મેડીકલ કૉલેજમાં જવાનું પસંદ કીધું, તે એ કે જો દુકાને બેસે તો બુટ સતોકીંગ

કહાડી નાખી જોડા પહેરીને બેસવાની બોલી એવણના પીતાએ કરવાથી એવણ પાછા મેડીકલ કોલેજમાં ૧૮૬૬ માં જોડાયા હતા. સર તેમુલજીના પીતા એરવદ ભીખાજીને કેળવણી માટે કેટલી બધી ખંત હતી તે વીષે જાણવું ઘણું અગતનું થઇ પડશે કે થોડાં વરસની વાતપર નવસારીમાં મરહુમ શેઠ દારાશાહ ચીચગર અને મરહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામા બૈરાંઓની મીજલસ એકઠી કરી ભાશ્નાણો આપતા હતા, અને તે એક નવો સુધારો થયો હોએ એમ સમજવામાં આવતું હતું. પણ છેક ૧૮૬૦ ના સાલથી મરહુમ એરવદ સાહેબ ભીખાજી નરીમાન પોતે રૈસાલાઓ લખીને નવસારીમાં ભેગી મલતી નાવર નવજોતોની મીજલસ સનમુખ બૈરાંઓના મેળાવડાઓ કરી તરેહવાર સંસારી બાબદોપર ભાશાણો આપતા હતા, તેમજ નીબંધો વાંચતા હતા.

સને ૧૮૬૬ ના દીસેમબર મહીનામાં સર તેમુલજી અતરેની વઇદાને લગતી ગ્રાંટ મેડીકલ કોલેજમાં જોડાઇ પેહેલી એલ. એમ. ની પરીક્ષા સને ૧૮૭૦ માં પસાર કરી ફીઝીઓલોજીના કુશળ ગ્નાન માટે તેમાં પેહલા આવવાથી કરનાક સ્કોલરશીપ મેળવી હતી. એ પછી એવણે એલ. એમ. ની સેવટની પરીક્ષા સને ૧૮૭૨ માં પસાર કરી મેડસીન તથા સરજરીમાં સરવેથી સરસ દેખાવ કરવા માટે સર જમશેદજી જીજીભાઇનું રૂ. ૨૫૦ નું ઇનામ મેળવયું હતું. મીડવીફરીના પ્રોફેસર ડા૦ વોડના એવણ ઘણા માનીતા હતા, અને પોતાની નાની ઉમરથીજ આ વીશય માટે એવણને ભારી શોખ લાગ્યો હતો, જેને પરીણામે ડા૦ તેમુલજી આ ખાસ લાઇનમાં નામ કહાડવાને અને પારસી સુવાવડખાનું સ્થાપવાને શકતીવાન થયા હતા, કે જે આખા હીંદુસ્તાનમાં પેહેલવહેલુંજ સ્થાપવાનું માંન એમણે મેળવયું હતું.

સર તેમુલજી કસરતના બહુ શોખીન હોવાથી મેડીકલ કોલેજમાં એવણે મોટા પાયા ઉપર એક કસરતશાલા ઉઘાડી હતી, અને સર દીનશાહ પીટીટ કસરતશાલાના માજી ઉસતાદ મરહુમ શેઠ નશરવાનજી કેરાંવાલાને મોટા પગારે રોકી કુસતીની તાલીમ લેતા હતા તેમજ તે વખતના પ્રીનસીપાલ સર ગાયર હંટર અને બીજા પ્રોફેસરોના મેળાવડાઓ કરી પોતાની કસરતથી ગમત આપતા હતા. એવણને ક્રીકેટનો બી ઘણો શોખ હોવાથી, ક્રીકેટની રમતને બી ઉત્તેજન આપતા હતા. એવણ જોકે મેડીકલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા તોબી એલફીનસટન કોલેજના પોતાના દોસતો સાથે બહુ વીટલાએલા રહી ક્રીકેટની મેંચોમાં એલફીનસટન કૉલેજની ટીમ તરફથી મેડીકલ કૉલેજની વીરૂધ રમતા હતા. મરહુમ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીએ ક્રીકેટની રમતને ઉતેજન આપવા પેહલી ઇનામની સરત રમાડી હતી, તેમાં ડા૦ તેમુલજી પણ રમવા ઉતરીઆ હતા અને તે પછી અસંખ્યાબંદ ક્રીકેટ મેંચોમાં એવણ રમવા ઉતરી ક્રીકેટમાં ઘણો આગેવાની ભરયો ભાગ લેતા હતા.

સર તેમુલજી નાનપણથીજ બધી જાતની રમત ગમતમાં ઘણો સોખ રાખતા હોવાથી એવણ તરવામાંબી મોજ મેલવતા હતા. અગીઆર. વરસની નાધલી ઉમરે નવસારીમાં સફેદ પાગડી સાથે જામા પીછોડી પેહરી ભનવા જતા હતા, તે વખતે રમત કરતાં ડુબી જતા સેજમાં બચી ગયા હતા. બીજી વખતે મુંબઇમાં ચોપાટી સી ફ્રેસ પર દોસ્તો સાથે નાહવા ઉતરયા હતા અને તરતાં બરાબર નહીં આવડવાથી હવાનો તકયો પેટે બાંધી દરીઆમાં ઝોકાવ્યું હતું. તકયો ખીસી જવાથી એવણ પાણીમાં અને તકયો ઉપર એવી ડુબતી હાલતમાં આવી પડયા હતા. સારા ભાગયે નજદીકમાં મરહુમ શેઠ દામોદર ગોરધનદાસ સુખડવાળા બી પોતે તરતા હતા તેવણે તરત એવણની મદદે આવી એવણને ડુબતા બચાવી બાહાર ખેંચી કહાડયા હતા.

ગ્રાંટ કૉલેજ મૅડીકલ સોસાયટીનાં સને ૧૮૮૩ નાં સાલમાં સર તેમુલજીને ઓનરરી સેક્રેટરી તરીકે નેમવામાં આવ્યા હતા અને એના કામકાજમાં કીમતી મદદ એવણે આપી ૧૮૯૧ સુધી પોતાનો ઓધો બહુ ચાલાકીથી બજાવ્યો હતો. એ દરમ્યાન એવણે પુશકલ નીબંધો તરેહવાર વઇદાની બાબદો પર વાંચ્યા હતા. તેમાં મુખ્ય કરી "મુંબઇની તાવો, તેની ઉતપનતીનાં કારણો અને ઇલાજ, કૉલેરા, તેના કારણો અને ઇલાજ, હરસના દરદોનો વાહાડકાપ વગર ગામથી દવાઓથી થતો ઇલાજ અને સુવાવડની તરેહવાર બાબદોપર" વીવેચનો કરતા રહયા હતા.

સર તેમુલજીએ વઇદાંની કોલેજના પોતાના ઉસ્તાદો ઉપર પોતાની હુશીયારી માટે એટલો બધો છાપ બેસાડયો હતો કે તેઓ જોકે વરસો થયા વેલાત ગયા છે તોપણ તેઓમાંના દરેક જણ એવણને ધણા માનથી ચાહી એવણ વીશે બહુ ઉંચુ મત ધરાવે છે એટલુંજ નહી પણ તેઓ પછી આવનારા મેડીકલ કોલેજના પ્રોફેસરો અને પ્રીનસીપાલોનો સારો અભીપ્રાય અને માન ધરાવવાને એવણ ધણા નસીબવંત નીવડયા છે, તે એટલે સુધી કે સુવાવડની બાબદોનો તેમજ બઇરાં અને બચાંઓના દરદો વીશેના એવણના પાકટ અનુભવનો લાભ મેડીકલ કોલેજના દરેક પ્રીનસીપાલ મોટાં માન સાથે લેતા આવ્યા છે. ૨૫ વરસ કરતાં વધુ મુદતથી મેડીકલ કોલેજમાં, ડાકટર ખરશેદજી ફરામજી ખોરી અને દીનશાહ એદલજી વાચ્છાના ધણીઆણીને નામથી જે સ્કોલરશીપ અને ઇનામની પરીક્ષા દર વરસ લેવામા આવે છે તેના એક પરીક્ષક તરીકે, જેટલાબી પ્રીનસીપાલો થઇ ગયા તે બધાઓએ આખા તબીબી વર્ગમાંથી એવણને પસંદ કરી હમણા સુધી માન આપતા આવ્યા છે.

જુદી જુદી પરીક્ષાના પરીક્ષક તથા યુનીવરસીટીમાં મલેલા ઓધાઓ.

સર તેમુલજીને મુંબઇની યુનીવરસીટીના એક ફેલો તરીકે સને ૧૮૮૩ ના સાલમાં નેમવામાં આવ્યા હતા, અને મુંબઇ યુનીવરસીતીના તબીબી ગ્રેજ્યુએટ મધે એવણ સઉથી પેહલાં સીનદીક અને દીન થયા હતા અને વરસો સુધી એ ઓધાઓપર ફરીફરીથી ચુંટી કહડાયા હતા. તે ઉપરાંત પ્રાંતીક સીનડીકેટમાં મેડસીનના સીનડીક તરીકે ચુંટી કહડાયા હતા, અને ડીન તરીકે ચુંટી કઢાયા ત્યાંસુધી એવણ એ ઓધા ઉપર હતા. જોકે એવણ મુંબઇની યુનીવરસીટીના ફકત એક ગ્રેજ્યુએટ છે તોબી તેવણને આશરે દસ વરસ ઉપર લંડનની ઓબસત્રેત્રીકલ સોસાયટીના ફેલો તરીકે ચુંટી કહડાવાતું અસાધારણ માન મળયું હતું.

સને ૧૯૦૭ માં એલ. એમ. ઍંડ એસ. ની ડીગ્રી કહાડી નાખી તેને બદલે ડીપલોમાં આપવાના સવાલ ઉપર વીચાર ચલાવવા માટે નેમાયલી કમીટીના એક સભાસદ તરીકે નામદાર સરકારે તેવણને નેમ્યા હતા.

સને ૧૯૦૮ ના સાલમાં ડા૦ નરીમાન મુંબઇ યુનીવરસીટીના પ્રતીનીધી તરીકે કોરપરેશનના એક મેમ્બર તરીકે ચુંટી કહડાયા હતા, અને એ પછી એ જગા માટે હમેશા એવણનેજ પાછા ચુંટી કાઢવામાં આવે છે..

સને ૧૮૮૪ ના સાલમાં મુંબઇની યુનીવરસીટી તરફથી લેવામાં આવતી ફીઝીઓલોજી, બાયોલોજી, અને કમપેરેતીવ એનેટમીની બીકટ બાબદોમાં બી. એ., બી. એસ. સી., એમ. એ., એલ. એમ. એંડ એસ. અને એમ. ડી. ની પરીક્ષાઓ માટે પરીક્ષક તરીકે એકી વખતે સર તેમુલજીની નેમણુક કરવામાં આવી હતી, જે માન તદનજ અસાધારણ છે, અને આગળ કોઈ પણ વખત આવું મોટું માન કોઇ હીંદી પરીક્ષકને આપવામાં આવેલું જણાતું નથી. વળી

સને ૧૮૮૫ ના સાલમાં એજ વિષયોના પરીક્ષક તરીકે એવણુની પાછી નેમણુક કરવામાં આવી હતી. તે વખતથી અતયારસુધી તેવણુ એલ. એમ. એંડ એસ. તથા એમ. ડી. ની પરીક્ષાઓમાં મુંબઈ યુનીવરસીટીની સીનડીકેટમાં જે વરસોએ કામ કીધું હતું તે સીવાયના બીજાં વરસોમાં, મીડવીફરી અને સ્ત્રી છોકરાંનાં દરદોના વીશયમાં પરીક્ષક તરીકે નેમાતા રહયા તેમાં કોઇ કદાચજ ખાંચા પડ્યા છે. સને ૧૮૯૧ ના સાલમાં એવણુને યુનીવરસીટીના તબીબી ફેકલતીના સીનડીક નેમવામાં આવ્યા હતા, અને આટલાં વરસ સુધી વગર વીરૂધતાએ ચુંટી કહડાવાનું માન ધરાવતા તેવણુ એકલાજ તબીબી ગ્રેજ્યુએટ છે. સને ૧૯૧૦ અને ૧૯૧૧ ના સાલોમાં એવણુ તબીબી ફેકલટીના ડીન નેમાયા હતા. બોમ્બે મેડીકલ યુનીયનના સને ૧૮૯૧ અને ૧૮૯૨ ના સાલોના એવણુ પ્રેસીડંન્ટ હતા, અને એ યુનીયનને હસ્તીમાં લાવવાનો એવણુનો આગેવાન ભાગ હતો. જ્યારે એ યુનીયન પુર બાહારમાં ચાલતું હતું તે વેળા એવણુ શરૂઆતથી વરસો સુધી તેની કારોબાર મંડલીના સભાસદ અને વાઈસ પ્રેસીડન્ટ નેમાતા હતા.

મુંબઇની યુનીવરસીના ઇનામના રેસાલાઓના તબીબી બાબદોના એક પરિક્ષક તરીકે વરસો સુધી સર તેમુલજીને સીડનીકેટ તરફથી ચુંટી કાઢવામાં આવતા હતા અને એવણુના ગોથયા સનડીકો જેઓ બીજી કૅલેજના ઉસતાદો હોય છે તેઓ પર એવણુની કાબેલીયતનો એવો તો સરસ છાપ બેઠેલો છે કે તબીબી બાબદો ઉપરાંત બીજા બીકટ ઇંગ્રેજી રેસાલાઓમાં પણ અવારનવાર એવણુને પરિક્ષક તરીકે નેમી મોટું માન આપવામાં આવે છે.

વઇદાંની એમ. બી. ની ડીગ્રીની તકરારી બાબદોમાં એવણુ પેહલેથીજ આગેવાન ભાગ લેતા આવ્યા છે, અને વઇદાંની કોલેજમાં વાદ્યારથીઓને દાખલ કરવામાં આવે તે પેહલાં તેઓએ ચઢી પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ તેથી પારક્ષાનો અભ્યાસ ચહડતા વરગનો રાખવો જોઇએ એવો એવણુનો અભીપ્રાય હતો, અને હજી પણ વધુ અભયાસ કીધા પછી વઇદાંની કોલેજમાં દાખલ કરવાથી બહુ વધતા લાભો મળેછે એમ એવણુ માને છે. હમણાં જ્યારે મેડીકલ કોલજમાંથી પસાર થયલા ચેલાઓને શાક્ષક અને પ્રોફેસરની જગાને માટે નેમવા સારૂં વીરૂધતા બતાવવામાં આવે છે ત્યારે મરહુમ ડાકટર સખારામ અરજુનના મરણથી ખાલી પડેલી બૉટનીની ચૅર પર સર તેમુલજીની નેમણુક કરવા ડાકટર બલૅાક જેવણુ પાછલથી સર બલૅાક થયા હતા, તેવણે નક્કી કીધું હતું, પણ ડાકટર તેમુલજી પોતે તે વખતે એ કામ માથે લેવાને તેયાર નહીં હતા એવું ધારી એવણે નાકબુલ કીધું હતું.

જુદી જુદી કમીટીના સભાસદ થવાનું મલેલું માન.

સને ૧૯૦૯ના ડીસેમ્બર માસમાં મુંમઈની નામદાર સરકારે મુંબઇની પારસી કોમના પ્રતીનીધી તરીકે સર તેમુલજીની મુંબઈ ઇલાકાની ધારાસભામાં યાને નામદાર ગવરનરની લેજીસલેટીવ કાઉનસીલમાં નેમણુક કરી મોટું માન આપ્યું હતું, અને નવી સુધરેલી કાઉનસીલમાં આખા હીંદુસ્તાનમાંથી એક ડાકટર તરીકે આ મોટું માન મેલવવાને એવણુજ પેહલ વેહલા ભાગ્યશાલી થયા હતા.

મુંબઇની નામદાર ગવરનરની લેજીસલેટીવ કાઉનસીલના યુનીવરસીતી તરફના એક મેમબર તરીકે ૧૯૦૩ ની ચુંટણીમાં સર તેમુલજી બાહાર પડયા હતા, અને જો હીંદુઓએ ૮૭ માંથી ફક્ત બેજ વોટ આપીને નાત જાતનો સવાલ નહીં કીધો હતે તો એવણુ જરૂર ફત્તેહમંદ થતે એમ દરેક વકી હતી.

સને ૧૯૧૦ના સાલમાં નામદાર સરકારે એવણુની પ્રાંતીક સલાહકારી કમીટીનાં સભાસદ તરીકે નેમણુક કીધી હતી, અને સને ૧૯૧૧ ના સાલના જુન માસમાં નામદાર સરકારે છાપા

જોગી બહાર પાડવામાં આવતી યાદીઓમાં આવતી તબીબી અને સુખશાંતીને લગતી બાબદોના તરજુમા તપાસનારી કાયમની કમીટીના સભાસદ તરીકે એવણુની નેમણુક કીધી હતી.

મુંબઇનો મેડીકલ રેજીસ્તરેશન એકત પસાર કરાવવામાં સર તેમુલજીએ ઘણો આગેવાની ભરેલો ભાગ લીધો હતો અને એવણુને નામદાર સરકારે ૧૯૧૩ના સાલમાં મુંબઇની મેડીકલ કાઉનસીલના સભાસદ તરીકે નેમ્યા હતા, અને એ મંડળે મેડીકલ કાઉનસીલની કારોબારી કમીટીના સભાસદ તરીકે એવણુને ચુંટી કહાડયા હતા. સને ૧૯૦૯માં એવણુની મુંબઇની મેડીકલ કોનગ્રેસના વાઇસ પ્રેસીડંટ તરીકે નેમણુક કરવામાં આવી હતી. પેહેલી કલકત્તા મેડીકલ કોનગ્રેસના એવણુ મુંબઇ તરફના સેક્રેતરી પણ હતા.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીયન્સ એંડ સરજ્યનસનાં ડા૦ તેમુલજી એક સ્થાપક છે, અને એ કોલેજના એવણુ પેહલા ચુંટી કહડાયલા વાઇસ-પ્રેસીડંટ હતા અને એજ ઓદ્ધાપર એવણુને હમણા સુધી ફરી ફરીથી ચુંટી કહાડયા છે.

જુની મેડીકલ અને ફીઝીકલ સોસાયટી સનમુખ સર તેમુલજીએ કેટલાક નીબંધો વાંચયા હતા, અને મુંબઇની મેડીકલ એંડ ફીઝીકલ સોસાયટીને નવેસરથી રચવામાં આવી તયારથી તેવણુ તેની મેનેજીંગ કમીટીના સભાસદ છે જોકે તેની સ્થાપના ઇંડીયન મેડીકલ સરવીસ તરફથી ઓફીશીયલ બંધારણ સાથે કરવામાં આવી હતી, તે છતાં તેવણુ તરફ એટલાં બધાં વખાણ અને પીછાણુની લાગણીથી જોવામાં આવે છે કે તેવણુ છેલ્લાં પાંચ વરસ થયાં તેના વાઇસ-પ્રેસીડંટનું અસાધારણ માન ભોગવે છે, અને તેની બધી સભાઓમાં પ્રમુખપદ લેતા રહયા છે. આવું માન મેળવનાર તેવણુ એકલાજ હીંદી ધંધાદારી તબીબ છે.

નામદાર સરકારે સર તેમુલજીને નરસીંગ કમીટીનાં સને ૧૯૦૫ નાં સાલથી સભાસદ નેમ્યા છે, કે જે કમીટીએ મુંબઈ ઇલાકા માટે નરસો પુરી પાડવાના સવાલ ઉપર વીચાર ચલાવ્યો હતો. વળી નામદાર સરકાર તરફથી સને ૧૯૦૨ નાં સાલથી તેવણુની થાણાની દીવાનશાળાના અને એન. જે. વાડયા અંદેરી ચેરીટેબલ ડીસપેનસરીના એક વીઝીટર તરીકે પણ નેમણુક કરવામાં આવી હતી.

સને ૧૯૧૧ના સાલના જુન માસમાં સર તેમુલજીને કામા અને આલબ્લેસ હોસ્પીટલોના સલાહકારક ઓબસ્તેત્રીક ફીઝીશીયન તરીકે નેમાવાનું અસાધારણ માન મળયું હતું, અને તે પછી દર વરસે એવણુની એ ઓધાપર ફરી ફરીને નેમણુંક કરવામાં આવી છે.

ધોબીતલાવપરના મેદાનમાંની સર દીનશાહ માણેકજી પીટીટ જીમનેશીઅમના ચેલાઓની ઇનામની હરીફાઇની પરીક્ષા લેવાને એક વખત ડાકટર હૅચ સાથે અને બીજી વખત શેઠ ત્રીભોવનદાસ વરજીવનદાસ સાથે સર તેમુલજીએ પરિક્ષક તરીકેનું કામ કીધું હતું તેમજ વરસો થયાં એ કસરત શાલાના ઓનરરી ફીઝીશીઅન તરીકે એવણુ પોતાની કીમતી સલ્હા આપતા રહયાછે.

જરથોસ્તીઓના મરણનાં અરસપરસ લાભનાં ફંડનાં શરૂઆતમાં એક ઓનરરી ડાકટર તરીકે સર તેમુલજીએ કામ કરવા પછી વરસો સુધી તેનાં ડાકટર તરીકે સારી મદદ આપતા હતા.

મરહુમ શેઠ નવરોજી ફરદુનજીને ઇસ્વી સને ૧૮૮૪ ના સાલમાં મલેલા સી. આઇ. ઇ. ના ખેતાબ વેળાએ એવણુને જાહેર જીયાફત આપવામાં આવી હતી તે વખતે ડાકટર તેમુલજીએ એક સેક્રેટરી તરીકે ઘણો આગેવાની ભરયો ભાગ લીધો હતો.

સર તેમુલજી ઘણીક જાહેર મંડલીઓમા સભાસદ તથા ત્રસ્ટી હોવાનું માન ધરાવે છે, તેમાં ગરીબ જરથોશતીઓનાં રહેઠાણની કારોબાર મંડળીના સભાસદ અને ત્રસટી, ધી જમશેદજી નશરવાનજી પીટીટ ઑરફનેજની કારોબાર મંડલીના મેમ્બર અને ત્રસ્ટી નસરવાંનજી માણેકજી પીટીટ ચેરીતી ફંડનાં ત્રસ્ટી તથા સર કાવસજી જહાંગીર નવસારી હાઈ સકુલની કારોબાર મંડળીના સભાસદ અને ત્રસટી અને હાલમાં એના સરનસીન થયા છે. વળી મરહુમ શેઠ નસરવાનજી જાહાંગીરજી વાહડીઆનાં ચેરીતી ફંદના ત્રસ્તી તેમજ મરહુમ બાઇ પીરોજબા નસરવાંનજી વાહડીઆનાં ચેરીતી ફંદના ત્રસ્તી તરીકે આજ વરસો થયા બહુ ઉપયોગી અને ભારે જેહમતનું કામ કરતા આવયા છે. એવાં એવાં બીજાં ઘણાંક પારસી તેમજ પચરંગી પરજાતવાલાઓના ફાયદા માટે સ્થાપેલાં ખાતાંઓમાં પોતાની કીમતી સહલા તથા મદદ આપતા રહયા છે.

શેઠ નશરવાનજી જા. વાહડયાના ચેરીતી ફંડનાં એક ત્રસ્તી તરીકે સર તેમુલજી એ ફંડમાંથી હજારો રૂપીયા મુંબઇના જુદાં જુદાં કેળવની ખાતાઓને તેમજ હાસપીતાલો અને દવાખાનાને આપતા રહયા છે. અંદેરીમાં એક દવાખાનાની ઘણી જરૂર જણાયાથી મરહુમ શેઠ નશરવાજી જાહાંગીરજી વાહાદીયાને નામે એવણના વીધવા બાઈ પીરોજબાઇ નશરવાંનજી વાહદીયાએ સર તેહમુલજીની આગેવાની હેઠલ એક દવાખાનું બંધાવી આપયું છે; તેમજ ત્યાના ગાય ઘોરોને ગરમીના વખતમાં પાણી નહી મલવાથી વીહારન તલાવથી અંદેરી સુધી નલ નખાવી અંદેરી ખાતે પીવાનું પાણી મેલવી આપવાને સર તેમુલજીએ ઘણો આગેવાની ભરયો ભાગ બજાવયો છે. અંદેરી ખાતેની માલકમ બાગને નામની નજદીક પોણાં બે લાખ વાર જેટલી જગા જે મરહુમ શેઠ નશરવાંનજી જનહાંગીરજી વાહદીઆની માલેકીની હતી અને જેનાં સર તેમુલજી એક ત્રસ્તી હતા. એ જગા હમેશ માટે પતે મરહુમ શેઠ નવરોજજી માણેકજી વાહાડયાના ચેરીટી ફંડના ત્રસ્ટી સાહેબોને આપાવવા સારૂ મુંબઇની હાઇકોરટની મજુરીયાત મેલવી એ કામ ઘણાં વરસે એવણે પાર પાડયું છે. એ જગામાં પારસીઓને માટે ચેલીઓ અને ઇમારતો બાંધી થોડાં વરસમાં એક નવું પરૂં વસાવામાં આવવાની વકી છે. એ કામમાં સર તેમુલજીને એવણના જોડયા ત્રસ્તી શેઠ દીનશાહ સોરાબજી મોદી દીલોજાનથી મદદ આપતા આવ્યા છે.

લેડી નોરથકોટે માનેલો ખાસ આભાર.

કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુંબઇની શાખાના સર તેમુલજી કેટલાંક વરસ થયાં ઓનરરી ખજાનચીનો ઓધો ભોગવે છે. આ ફંડના સંબધમાં તેવણની કીમતી સેવાઓને માટે નામદાર લેડી નોર્થકોટ વારનવાર એવણનો ઉપકાર માનતા રહયા હતા અને નામદાર લેડી નોર્થકોટ યુરપ જવા માટે ઉપડયાં તે વેળા ડા૦ નરીમાનની સેવાની મોટી પીછાણ કરનારૂં પત્ર લખયું જેનો ટુંક સાર નીચે મુજબ છે:—

"વ્હાલા ડા૦ નરીમાન—હીંદ છોડવા આગમચ ડફરીન ફંડના કામ માટે સવા ત્રણ વરસ સુધી તમે જે મદદ મોટી ઉદારતાથી ચાલુ આપી છે તે માટે તમારો પાછો ઉપકાર માનવા માટે હીંદ છોડી જવા આગમચ થોડીક લીટીઓ તમો માટે મારે લખવીજ જોઇએ. તમારી આવી મદદ વગર એ કામ ફતેહમંદીથી પાર ઉતારવાનું અશકય થઇ પડતે. તમારો ઉપકાર માનવા માટે તમને મુંબઇમાં જાતે મલવાની હું ઉમેદ રાખું છું. પણ વખતે મને તેવી તક નહી મળે એમ ધારી તમે જે બધી સલાહ અને મદદ મેહેરબાનીની રાહે મને આપી હતી તે માટે મારો આભાર દરશાવવા હું આ પત્ર લખું છું."

૫૩૫૪

પારસી સુવાવડ ખાતાની સ્થાપના.

સને ૧૮૮૪ ના આગસ્ટ મહીનામાં, સુવાવડની વેળા પારસી સ્ત્રીઓ તાવથી ઘણી પીડાય છે તેમનો ઇલાજ કરવા માટે એક જાહેર ભાશણ ફરામજી કાવસજી ઇનસટીટયુટમાં સર તેમુલજીએ આપયું હતું, જે વખતની જોસભરી ચરચાર જગજાહેર છે. એજ બાબદપર એ વખત એવણે નીબંધ વાંચીને ગ્રાંટ કોલેજ મેડીકલ સોસાયટીમાં એવણુ તકરાર કરવા લાવયા હતા. ત્યાં પહેલી વખતે જે મતફેર હતો, તે માટે બીજી વખતે એવણે ડાકટરોની ખાતરી કરી આપી હતી. એ પછી એવણે પોતાના દોસતો અને ઘરાકોને સમજાવી અને નાણાની મદદ મેળવી એક નાહના પાયા પર અખતરા તરીકે પારસી બાનુઓ માટે એક સુવાવડખાનું સને ૧૮૮૭ ના સાલમાં મરીનલાઇનના સ્ટેશનની સામે ઉઘાડવામાં આવ્યું હતું. આજે તે કીલ્લા સમાન ઉભું રહી પારસી કોમની કેટલી બધી હાજતો તાલી એ ખાતાનો લાભ લેનારી બાઇ-ઓમાં કેટલા બધા ફાયદા કીધા છે, તે હમણા કોમમાં વખાણતું રહી લોકપ્રીય થઇ પડવાથી સાબેત થાય છે. મરીનલાઇના સ્ટેશન સામે, ૭ વરસ સુધી ચાલુ રાખી તે પછી સને ૧૮૯૫ ના સાલમાં કોટના મેદાનખાનામાં લગભગ એક લાખ રૂપ્યાના ખરચે બાદશાહી મકાન ઉગરાનાંથી બાંધી તેમાં સર તેમુલજીની ભારે કોશેશથી મોટા પાયાપર નમુનેદાર સુવાવડખાનું ચાલુ કરવામાં આવ્યું છે. એ પછી સને ૧૮૯૯ ના સાલમાં શેઠ નશરવાનજી જાહાંગીરજી વાહાડયાની યાદગીરીમાં એવણના ધણીયાણી બાઈ પીરોજબાઇની રૂ ૩૦૦૦૦ ની સખાવતમાંથી એ ઇમારતના પુરવ તરફનો આખો ભાગ હેઠેથી તે બીજા માળ સુધી બાંધવામાં આવ્યો છે.

સર તેમુલજીની અને એવણના મોહરદાર લેડી સુનાબાઇની સુવાવડખાના તરફની રાત દીવસની અતી જહેમતભરી અને કીમતી સેવાઓની પીછાણમાં મરહુમ શેઠ નશરવાનજી જહાંગીરજી વાહાડયાએ ઉભા કીધેલાં યાદગારીના ફંડમાં પારસીઓમાં સર જમશેદજી જીજીભાઇ, સર દીનશાહ મા. પીટીટ, અને દરેક જાણીતાં આગેવાન ખાનદાને, તેમજ વચલે વાધેના અને ગરીબ કુટુંમબોએ નાણાની નાહલી મોટી રકમો ભરી પોતાની હેશાનની લાગણી જાહેર કીધી હતી. આ ફંડમાં ભરાયલા નાણામાથી સર તેમુલજીનું સંગેમરમરનું બાહવલું સુવાવડખાનામાં ખુલ્લું મુકવાની ક્રીયા સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટે ૧૮૯૯ ના સાલમાં કરી હતી, તેમજ એવણના મોહરદાર લેડી સુનાબાઇની આખી સાઇઝની ઑઇલ પેનટીંગ મોટી સભા એ ખાતામાં મુકવામાં આવી છે.

ડા૦ તેમુલજીની મેસોનીક સેવાઓ.

સર તેમુલજી સને ૧૮૭૮ માં ફ્રીમેસન થયા હતા અને ૧૮૯૧ તથા ૧૮૯૨ માં બે વરસ સુધી પશચીમ હીંદની લોડજ રાઇઝીંગ સ્ટારના વરશીપફુલ માસ્તર નેમાયા હતા, અને પાંચ વરસ ઉપર ગ્રાંડ લોજના સબસ્ટીટયુટ ગ્રાંડ માસ્તર તરીકે ચુંટી કહાડાયા હતા. સને ૧૯૧૨ અને ૧૯૧૩ સુધી એવણ ગ્રાંડ લોજના ડેપયુટ ગ્રાંડ માસ્તર હતા, અને સને ૧૯૧૨ માં જસ્ટીસ બીમનને ગ્રાંડ માસ્તર તરીકે ઇન્સ્ટોલ કરવાનું અસાધારણ માન એવણને મલ્યું હતું. તેમજ લોજ ઇમપીરીયલ બ્રધરહુડના રાઇટ વરશીપફુલ માસ્તર તરીકે એવણને સને ૧૯૧૨ માં ચુંટી કહાડવામાં આવ્યા હતા. સને ૧૯૧૩ માં મુંબઇના નામદાર ગવર્નરને રાઇટ વરશીપફુલ માસ્તર તરીકે ઇનસ્તોલ કરવાનું અસાધારણ માન બીજી વખતે બી એવણને મળયું હતુ, અને એ માન ભોગવવાને એવણ પેહલાજ દેશી છે.

મરકી વેલાની કોમની સેવાઓ.

સર તેમુલજીએ મુંબઇમાં મરકી પેહેલવેહેલી ફાટી નીકળતાં મુંબઇના રહીશોની ઘણી કીમતી સેવાઓ બજાવી હતી, અને મરકીવાળાં મકાનોની મુલાકાત લેવામાં દરરોજ કેટલાક કલાકો ગાળયા હતા, તેમજ મઢુંગા તથા દાદર ખાતેની મરકીની છાવણીઓમાં પોતાનો કીમતી વખત રોકી હાજરીજ આપી હતી એટલુંજ નહી પણ પોતાની ગીરેથી એ છાવણીઓમાંના બધાં આસામીઓને દવા પુરી પાડી હતી. એવણે આપેલી આ મદદ માટે મુંબઈની પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ એવણનો ઉપકાર માની તે વીષેની નોંધ પારસી પંચાયતનાં દફતરોમાં લીધી છે. મરકીનાં આફતભરીયા પેહલાં વરસમાં જે વેળા દાકતરો વટીક ગભરાતમાં પડયા હતા તે વખતે એવણ પોતાનાં કોટનાં ઘરમાં રાત દાહડો રહેતા હતા અને પારસી સુવાવડખાનાંની ખાસ સંભાલ લેતા હતા, અને એક વખત એવો હતો કે આખા કોટમાં દાકતર સર તેમુલજી સીવાય બીજો કોઇ બી દાકતર રાતના મલી શકતો નહી હતો તેમજ રાત્રે રહેતો પણ નહી હતો. તે વખતે વડી સરકારે મરકીનું કારણ શોધી કહાડવા એક કમીટી નેમી હતી તેનાં એક સભાસદ નેમાવાનું એવણને માન મલ્યું હતું.

યુરોપની મુસાફરી.

સને ૧૮૯૯ ના સાલમાં સર તેમુલજી યુરપની મુસાફરીએ ગયા હતા અને યુરપની જુદી જુદી સુવાવડની હોસ્પીટલોની મુલાકાત લઇ તથા તયાં અભયાસ કરીને એવણે પોતાનાં જ્ઞાનમાં ઘણો મોટો વધારો કીધો હતો. એવો સાહેબ મુંબઇ આવી પોતાના હસતકના સુવાવડ ખાનામાં પોતાને મલેલા અનુભવ મુજબ સુવાવડી બાઇઓને લાભ થાય તેવા ઘણા સુધારા વધારા કરી એ ખાતાંને આજના જમાના મુજબ ઘણી સારી પંકતીએ મેલ્યું હતું.

નામદાર સરકાર તરફથી મલેલું માનપાન.

સને ૧૮૮૩ ના સાલમાં નામદાર સરકારે એવણને જસ્ટીસ ઓફ ધી પીસ યાને સુહલેના અમલદાર અને મુંબઇ યુનીવરસીટીનાં ફેલો નેમયા હતા.

સને ૧૯૦૩ ની તા૦ ૧ લી જાનેવારીએ દીલહી ખાતે નામદાર શેહેનશાહ એડવર્ડ સાતમાની ભરવામાં આવેલી રાજયાભીષેકની દરબારમાં મુંબઇ ઇલાકામાંથી બોલાવવામાં આવેલા થોડાક માનવંત પ્રતીનીધીઓમાંના સર તેમુલજી પણ એક હતા.

હિંદમાં જાહેર સેવા બજાવવા માટે ૧૯૦૯ ના સાલના જુન માસમાં નામદાર શેહેનશાહ સાતમાં એડવરદની વરસ ગાંઠને દીને સર તેમુલજીને કયસરે હીંદનો પેહલા વરગનો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો, જે નામદાર વાઇસરાય લોરડ મીનતોએ મુંબઇની સેહલગાહ વખતે એવણને હાથોહાથ આપ્યો હતો. તે પ્રસંગે યુરોપીયન અને હીંદી તબીબો તરફથી એવણના માનમાં ખાણાંના મેલાવડાઓ કરવામાં આવ્યાં હતાં.

સને ૧૯૧૦ ના જુન મહીનામાં મુંબઈના નામદાર ગવરનર સર જયૉરજ કલાર્કે સર તેમુલજીને પાંચ દહાડા સુધી ગણેશખીંડના પોતાના મેહલમાં પહરોણા તરીકે રાખી માન આપ્યું હતું. તેમજ ૧૯૧૨ નાં સાલમાં બી મહાબલેસવર સરકારી મેહલમાં એવણને પાંચ દાહડા નોતરીને માન આપ્યું હતું.

સને ૧૯૧૨ ના સાલમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાને હીંદનો શેહેનશાહ જાહેર કરવા

તા૦ ૧૨ મી દીસેમ્બર સને ૧૯૧૧ ને દીવસે દીહલી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં સામેલ થવાને માટે સર તેમુલજીને તથા એવણુના મોહરદાર લેડી સુનાબાઇને મુંબઇના નામદાર ગવરનર લોરડ સીડનહેમે પોતાની કેમ્પમાં પોતાના ખાસ પરોણાઓ તરીકે બોલાવીને અસાધારણ મોટું માન આપ્યું હતું.

સને ૧૯૧૪ ના સાલમાં નવા વરસની ખુશાળીમાં ડા૦ તેમુલજીને સર નાઇટનો નામીચો ખેતાબ આપી એવણુને મોટું માન આપ્યું હતું.

ડા૦ તેમુલજી ભીખાજી નરીમાનને એનાયત કરવામાં આવેલી સર નાઇટના ખેતાબની સનદ.

નામદાર ગવરનર લોર્ડ વીલીંગડન તરફથી એક લેવીનો અતી દબદબાભર્યો મેળાવડો પુણા ખાતે તા૦ ૨૦ મી જુન ૧૯૧૪ ને દીવસે ભરવામાં આવ્યો હતો. લેવીનાં કામકાજની ક્રીયા બરોબર પાંચ કલાકે શરૂ થઇ હતી, અને નામદાર ગવરનર પોતાના ખાનગી સેક્રેટરી અને એડીકેંપ સહીત "સ્ટેટ દરાઇવ" માં આવયા હતા. શરૂઆતમાં હાજર રહેલાઓને "પ્રીઝેનટ" કરવાની ક્રીયા પુરી થવા બાદ નામદાર ગવરનરે જાણીતા શેહેરીઓને નામદાર શેહેનશાહ તરફથી મળેલા ઉંચા ખેતાબોને લગતી સનદો એનાયત કરવાની ક્રીયા કરી હતી. પારસીઓમાં ડોક્ટર તેમુલજી ભીખાજી નરીમાનને નામદાર ગવરનરે હસતે ચહેરે શેકહેંડ કરી નાઇટહુડને લગતાં લેટરસ પેટંટ હવાલે કરયાં હતાં.

ડાક્ટર સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં માનપાનના તથા ખાણીપીણીના થયલા જાહેર મેળાવડાઓના હેવાલો.

રાજકર્તી કોમના ગયાં નવાં વરસની ખુશહાલીમાં નામદાર શહેનશાહ તરફથી મુંબઇના જાણીતા તબીબ સર તેહમુલજી ભીખાજી નરીમાન ઉપર "નાઇટહુડ"ના ખેતાબની નવાઝેશ કરવામાં આવી તે માટે મુંબઇ શેહેરની પચરંગી પ્રજા તરફથી તા૦ ૪ ઠી એપ્રીલે તેમને અભીવંદન દેવા અને એક માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો તે વેળા દરેક કોમના આગેવાનો તરફથી જે ઉલટમંદ ભાગ લેવામાં આવ્યો હતો તે સર તેમુલજીએ આ શેહેર તેમજ વેદક ધંધાની ખીલવણી માટે ચલાવેલી લડતની પીછાન પ્રજા તરફથી કેવી કરવામાં આવે છે તેનો એક અર્થસુચક પુરાવો પુરો પાડે છે. ડા૦ તેમુલજીને સર નાઇટનો ખેતાબ મલ્યા પછી લગભગ ત્રણ ચાર માસ દરમ્યાન એવણુને સખ્યાબંધ મીત્રો તથા વખાણનારાઓ અને બાઇબંધ ધંધાદારીઓ તરફથી તેમજ છેક વેલાત વેરથી મુંબઇના આગલા ગવરનરો તથા યુરોપ્યન મોટા ડાકટરો વગેરે તરફથીબી મોબારકબાદી આપનારા સંખ્યાબંધ કાગળો, તારો મોકલવામાં આવ્યા હતા. સર તેમુલજીના માનમાં મુંબઇમાં થયલા જાહેર મોટા મેલાવડાઓનો લંબાણુ હેવાલ હેઠળ આપવામાં આવ્યો છે.

સર તેમુલજી નરીમાનને કોરપોરેશનની મુબારકબાદી.

મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનની સભા તા૦ ૧૨ મી જાનેવારી ૧૯૧૪ ને દીવસે બપોરના ત્રણુ વાગે મ્યુનીસીપલ હોલ મધે મી૦ ટોડના પ્રમુખપણા હેઠળ મળી હતી. સભાનું કામકાજ પુર

થવા પછી પ્રમુખે જણાવ્યું કે આજની કારપોરેશન હું મુલતવી રાખું તે અગાઉ આપણી કારપોરેશનના મેમ્બર ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને નામદાર સરકારે નાઇટહુડની બક્ષેશ કરી જે ઉંચાં માનની નવાજેશ કરી છે, તે માટે હું તેવણુને આ કારપોરેશન તરફથી મુબારકબાદી આપુંછું.

સર તેમુલજી ભીખાજી નરીમાનને મુંબઇના શેહેરીઓએ આપેલાં જાહેર માન માટે મલેલી સભા.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને સરકારે આપેલા નાઇટહુડના ઉંચા ખેતાબ માટે ખુશાલીની લાગણી પ્રદરશીત કરવા તથા તેઓને જાહેરમાં માન આપવાના સંબંધમાં પગલા ભરવા સંબંધમાં વીચાર ચલાવવાને મુંબઇની જુદી જુદી કોમોના આગેવાનોની એક શરૂઆતની સભા તા૦ ૧૬ મી ફેબરવારીએ નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટના પ્રમુખપણા હેઠલ સાંજે સાડા પાંચ વાગતે એસ્પ્લેનેડ રોડ ઉપર આવેલી સર કરીમભાઈ ઇબરાહીમની ઓફીસમાં મળી હતી. એ વેળા ઘણા જાણીતા શેહેરીઓ સારી સંખ્યામા હાજર થયા હતા.

પ્રમુખે ભાષણ કરતાં જણાવ્યું કે આપણા જાણીતા તબીબ અને શહેરી સર તેમુલજી નરીમાનને નામદાર શહેનશાહની સરકારે નાઇટહુડના જે ઉંચા માનથી નવાજ્યા છે, તેઓ પ્રતયેનાં આપણાં માન અને ચાહની લાગણી પ્રદરશીત કરવાને લાયક પગલાં ભરવાને તેઓનાં અસંખય મીત્રો અને વખાણનારાઓએ ખાહેશ દેખાડેલી હોવાથી તે વીષે વીચાર ચલાવવા આપણે ભેગાં મલયા છીએ. સર તેમુલજી મુંબઇના એક જાણીતા શહેરી છે અને તેઓએ આપણા શહેરની ઉપયોગી સેવા બજાવી છે. તેઓની આ સેવાઓના સંબંધમાં આપણે જે કાંઇ પગલાં લઇએ તે સંગીન પ્રકારનાં હોવાં જોઇએ.

સર સાસુન જે૦ ડેવીડે એ પછી દરખાસ્ત કરી કે સર તેમુલજી ઉપર નામદાર સરકારે નાઇટહુડના ઉંચા ખેતાબની નવાજેસ કરી છે તે માટે તેઓના માનમાં એક ઇવનીંગ એનટરટેનમેંટ તથા માનપત્ર આપવાનો મેળાવડો નામદાર જજ સર દીનશાહ દાવરના પેડર રોડ ઉપરના ગુલશન બંગલામાં કરવો. ઉપલી દરખાસ્તને સર કાવસજી જેહાંગીરે ટેકો આપતાં તે એકમતે પસાર થઇ હતી.

મી૦ કાવસજી જેહાંગીરે દરખાસ્ત કરી કે આ કામ માટે નાણાં ઉઘરાવવા નીચલાં ગ્રહસ્થોની એક મેનેજીંગ કમીટી નેમવીઃ–સર જમશેદજી જીજીભાઇ, સર સાસુન જે૦ ડેવીડ, સર ફાઝલભાઇ કરીમભાઇ, ડૉ૦ સ્ટેનલી રીડ, મી૦ નરોતમ મોરારજી ગોકળદાસ, મી૦ આર૦ ડી૦ વાડયા, મી૦ કાવસજી જેહાંગીર રેડીમની, મી૦ રહેમતુલા કરીમભાઇ અને મી૦ જેહાંગીર ડોશાભાઈ ફરામજી. સેક્રેટરીઓ—મી૦ નરોતમ મોરારજી, મી૦ આર૦ ડી૦ વાડયા, મી૦ કાવસજી જેહાંગીર રેડીમની અને મી૦ રહેમતુલા કરીમભાઇ. ખજાનચી-મી૦ રહેમતુલા કરીમભાઇ. ઉપલી દરખાસ્ત એકમતે પસાર થઇ હતી.

સર સાસુન જે૦ ડેવીડની દરખાસ્ત ઉપરથી ફંદનાં વધુમાં વધું રૂ. ૫૦ અને ઓછામાં ઓછા રૂ. ૧૦ ભરવાનો ઠરાવ થયો હતો. જેથી સઘળી કોમના મળી લગભગ રૂપ્યા ચાર હજાર ભરાયા હતા. છેવટે પ્ર.ખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઈ હતી.

આ ફંડમાં ભરાયલાં નાણાંમાંથી સર તેમુલજીને લગભગ રૂપ્યા પાંનસો સુધીનું કાસકેટ આપી એનટરટેનમેન્ટનો ખરચ જતા બાકી વધેલા રૂપ્યા ૯૦૦ લેડી વેલીંગડન રકીમવાલા સુતાવડી બાઇઓને મદદ કરવાના ફંડમાં આપ્યા હતા.

સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમાં મુંબઇના શેહેરીઓ તરફથી થયલો એનટરટેનમેન્ટનો દબદબાભર્યો મેળાવડો અને એવણુને એનાયત કરેલું માનપત્ર.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં તા૦ ૪ થી એપ્રીલે મુંબઇના જાણીતા શેહેરીઓની આગેવાની હેઠળ નામદાર જડજ સર દીનશાહ દાવરના પેદર રોડના ગુલશન બંગલામાં પબલીક એનટરટેનમેંટનો મેલાવડો કરી એવણુને માનપત્ર આપ્યું હતું. આ મેળાવડાને ફતેહમંદ ઉતારવા જરે કે જહેમતની કોઇ રીતે કચાશ રાખી હતી નહી અને બંગલાને ઘણી અચ્છી રીતે આરાસ્તે કરવામાં આવ્યો હતો.

મેળાવડાનો વખત રાત્રે સાડા નવ વાગતાનો ઠરાવવામાં આવ્યો હતો અને પરોણાંઓને કમીટીના પ્રમુખ સર જમશેદજી જીજીભાઇ તથા આવકાર દેનારી કમીટીના બીજા સભાસદો આવકાર આપતા હતા. આ દબદબાભર્યા મેળાવડામાં એખલા પારસી કોમનાજ આગેવાનો હતા નહીં, પણ હીંદુ, મોહમેદન, ખ્રીસ્તી, યાહુદી વીગેરે પચરંગી કોમોના પ્રતીનીધીઓની એક મોટી સંખ્યા હાજર રહેલી જોવામાં આવતી હતી અને તે આ સઘળી કોમોમાં સર તેમુલજીની લોકપ્રીયતાની અચ્છી ગવાહી પુરી પાડતી હતી.

સર તેમુલજી તથા લેડી નરીમાન બરાબર પોણાદશ વાગતે આવી પુગ્યાં હતાં, જેઓને સર જમશેદજી જીજીભાઇ, તથા કમીટીના બીજા સભાસદોએ આવકાર આપ્યો હતો અને તેઓ કેટલોક વખત સુધી હાજર રહેલાં પરોણાઓ સાથે ખુશ ગોફ્તેગોમાં રોકાયાં હતાં.

સર જમશેદજી જીજીભાઇએ વાંચેલું માનપત્ર.

મેળાવડાનું કામ શરૂ કરતાં આવકાર દેનારી કમીટીના પ્રમુખ સર જમશેદજી જીજીભાઇએ નીચલું માનપત્ર અંગ્રેજીમાં વાંચી સંભળાવ્યું હતું :—

To

Dr. Sir Temuljee Bhicajee Nariman, Kt.

Sir,

SPEAKING on behalf of your innumerable friends in Bombay, and also for that large class who, though not enjoying personal acquaintance with you, know of your distinguished public services, it is our privilege this evening to offer you our congratulations on having been selected by His Majesty the King-Emperor for the distinguished honour of Knighthood. The chorus of approval which greeted this announcement so clearly established the high esteem in which you are held by your fellow-citizens of all classes and communities as a physician; a citizen, and a man, that it is almost supererogatory for us to add to it, yet we cannot allow this opportunity to pass without placing this appreciation on more formal record.

FROM your college days, your career as a physician has shed lustre on the Indian medical profession. The promise held out when, on graduating at the Grant Medical College, forty years ago, you were awarded the Sir Jamsetji Jijibhai prize for the greatest proficiency in Medicine and Surgery has been richly fulfilled in your busy life. Hundreds of grateful patients testify to your professional skill; and the readiness of Government, of your colleagues and of the Bombay University to utilise it in promoting the higher study of medicine and surgery evidence the opinion entertained of your capacity by the leaders of the profession. The influence of this work is seen in the steadily increasing standard of professional attainment achieved by the Indian practitioner; but you have a nobler monument, and one more visibly enduring, in the Parsi Lying-in-Hospital. After a long and weary struggle against indifference and actual hostility, the advantages which the Parsis secured through your instrumentality are being slowly imitated by other communities, but the early initiative which you gave to the cause of scientific midwifery has been of incalculable advantage to your own people, and incidentally to the city in whose fortunes they have so large a part.

THESE great activities would have absorbed the energies of a less determined personality. But amid this multiplicity of professional engagements you have had made the time to serve with distinction on the Bombay Municipal Corporation and on the Bombay Legislative Council. This is not the occasion to catalogue the charitable organisations which you have assisted, for there is no medical, or semi-medical work which has not benefited from your advice or your active service; to single out one, we may mention your Treasurership of the Bombay Branch of the Countess of Dufferin's Fund which you have had the honor of holding ever since its inception in Bombay.

THESE activities have given you the eminence as a citizen which His Majesty has endorsed by a signal mark of his approval; they do not explain the affection you have won from the large and varied circle of personal friends on whose behalf we speak to-night. That affection is inspired by a remarkable combination of earnestness and desire for personal service. In all your busy life there has been only one goal—the desire to serve your fellow-men. Great professional success in your case has been accompanied by no tinge of jealousy: but has been attained with the respect and esteem of your Professors and the cordial regard of your fellow practitioners. The honours which have fallen so liberally to you inspire no envy, but only joy at this recognition of one who is an ornament to his

profession, a loyal subject of His Majesty, a good citizen of no mean city, a staunch friend. It is because we hold these sentiments very strongly that we have invited you to be present this evening, that we may place on record our admiration and affection for you and for your work as an eminent citizen of Bombay. In conclusion we sincerely wish you and Lady Nariman a long and happy life to enjoy the honour conferred upon you, and we trust you will accept this address as a small souvenir of our esteem and regard.

JAMSETJEE JEEJEEBHAI,
Chairman,

NAROTUM MORARJI GOCULDAS,
COWASJI JEHANGIR,
RUSTOM D. N. WADIA,
RAHIMTOOLA CURRIMBHOY EBRAHIM,
Secretaries,

Sir Temuljee Nariman Entertainment Committee.

Bombay, 4th April 1914.

મુંબઇમાંના તમારા સંખયાબંધ મીત્રો તરફથી તેમજ જે મોટો વર્ગ જોકે તમો સાથે અંગત ઓળખ ધરાવતો નથી તે છતાં તમારી નામાંકીત જાહેર સેવાઓથી વાકેફ છે તેની તરફથી બોલતાં નામદાર શેહેનશાહે તમો ઉપર નાઇટહુડનાં કીમતી માનની નવાજેશ .કીધી છે તે માટે આજ રાત્રે તમને મુબારકબાદી આપતાં અમને મોટી ખુશાલી ઉપજે છે. આ ખબર તરફ બધેબધથી જે પસંદગી દરસાવામાં આવી હતી તે ઉપરથી એક તબીબ, એક શહેરી અને એક ગ્રહસ્થ તરીકે બધા વરગો અને કોમોમાં તમો તરફનાં ઉંચા માનની સાબેતી એટલી તો ખુલ્લી રીતે પુરવાર થઇ છે કે તેમાં અમો તરફનો ઉમેરો કરવાનું વગર જરૂરનું થઈ પડશે, પણ તે છતાં આ કદરની નોંધ લેવાની આ તક અમો જવા દઇ શકતા નથી.

તમારા કોલેજના દીવસોથી તબીબ તરીકેની તમારી કારકીરદીએ હીંદી તબીબી ધંધા ઉપર ઝળકાટ પાંથરયો છે. ચાલીશ વરસ ઉપર ગ્રાંટ મેડીકલ કોલેજમાંથી પસાર થતાં તમને મેડસીન અને સરજરીમાં સરવેથી ઉંચું ગ્નાન ધરાવા માટે સર જમશેદજી જીજીભાઈ પ્રાઇઝ મળયું હતું તે વખતે તમારા ઉંચાં ભવીષની વકી રહેતી હતી તે તમારી ઉપ્યોગી કારકીરદીમાં પાર પાડી છે. સેંકડો આભારી દરદીઓ તમારી ધંધાદારી કુશળતાની પીછાન કરેછે, અને સરકાર, તમારા ગોઠયાઓ અને મુંબઇની યુનીવરસીટી મેડીસન અને સરજરીના વધુ ઉંચા અભયાસની ખીલવણી માટે તમારી મદદ મેળવવાની જે તઇયારી બતાવે છે તે તબીબી મંડળના આગેવાનો તમારી કુશળતા માટે કેવો અભીપ્રાય ધરાવે છે તે બતાવી આપે છે. તમારાં આ કામની અસર હીંદી તબીબનુ તબીબી ગ્નાન જે વધુ ઉંચા સ્ટેનડરડે મકકમપણે પહોંચતું જાયછે તે ઉપરથી માલમ પડી આવે છે, પણ તે ઉપરાંત તમો પારસી સુવાવડખાનામાં એક વધુ ઉમદા અને લોકોની નજરમાં વધુ ખુલ્લી રીતે જળવાઇ રહે તેવી યાદગારી ધરાવો છો. બેપરવાહી અને શત્રુવત સામે લાંબી અને થાકવી નાખનારી લડત ચલાવયા પછી તમારાં કામને પરીણામે પારસીઓ જે લાભો મેળવવા પામયા છે

તેની નકલ બીજી કોમો ધીમે ધીમે કરે છે, પણ સાનયટીરીક સુવાવડનાં કામની તમે જે પેહેલી શરૂઆત કીધી હતી તે તમારી પોતાની કોમના આસામીઓને અને આડકત્રી રીતે શેહેરને કે જેનાં કામકાજમાં તમો આવો મોટો ભાગ લેવોછો તેને ભારે લાભકારક થઈ પડયું છે. (તાળીઓ)

સખાવતના ખાતાંઓની બજેલી સેવા.

તમારા કરતાં ઓછા ખંતીલા આસામી માટે આ મોટાં કામો બસ થઈ પડયાં હતે પણ તમારા તબીબી ધંધાની આ સંખ્યાબંધ રોકાણો ઉપરાંત તમે મુંબઇની મયુનીસીપલ કોરપરેશન, અને મુંબઇની ધારાસભામાં ઝળકતી નોકરી બજાવવા માટે વખત ફાજલ પાડયો છે. જે સખાવતી ખાતાંઓને તમે મદદ કીધી છે તેની ટીપ આપવાનો આ વખત નથી. કારણકે એવું કોઇ પણ તબીબી કે અર્ધ તબીબી કામ નહી હશે કે જેને તમારી સેવાથી લાભ થયો નહી હશે. તેમાંનું એકજ કામ બતાવી આપવા માટે કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુંબઇની શાખાના ખજાનચીના તમારા ઓધાનો દાખલો અમો આગળ કરીશું, કે જે ઓધો ધરાવવાનું તમને મુંબઇમાં તે સથાપવામાં આવ્યું તયારથીજ માન છે. (તાળીઓ)

આ તમારાં કામોથી તમો નામાંકીત શેહરીઓની સંક્રમાં આવ્યા છો અને એ અભીપ્રાય નામદાર શેહેનશાહે પોતાની પસંદગીનો ખાસ છાપ મારી સ્વીકારયો છે. પણ તમારા અંગત મીત્રોના જે મોટા અને તરેહવાર પ્રતીનીધીઓના બનેલા વીભાગ તરફથી આજ રાતે અમે બોલ્યે છીએ તેઓ તમો તરફ જે ચાહ ધરાવે છે તેનો આ તમારાં કામોથી ખુલાસો મળતો નથી. એ ચાહ અંગત સેવા બજાવવાની તમે જે ખંત અને ખાહેશનું ધ્યાન ખેચનારૂં જોડાણ ધરાવો છો તેથી ઉસકેરાયલો છે. તમારી બધી ઉદયોગી કારકીર્દીમાં તમો એકજ નેમથી—તમારાં ભાઇબંધ આસામીઓની સેવા બજાવવાની નેમથી—કામ કરતા રહયા છો. તમારા દાખલામાં તબીબ તરીકેની મોટી ફત્તેહની સાથે અદેખાઇનો કાંઇપણ અંશ સમાયલો નથી; પણ એ ફતેહ તમે તમારા પ્રોફેસરોના માન અને વખાણ સાથે તથા તમારા ભાઇબંધ તબીબોનાં દીલોજાન ચાહ સાથે મેલવી છે. તમો ઉપર માનોની જે ઉદાર રીતે નવાજેશ થઈ છે તે ઇર્ષા ઉતપન કરતી નથી પણ જે આસામી પોતાના ધંધાને સણગાર સમાન થઇ પડયા છે, નામદાર શેહેનશાહની વફાદાર રઇયત છે, એક શહેર, જે કોઇપણ રીતે નજીવા પ્રકારનું નથી તેના સારા શેહેરી છે અને એક ચુસ્ત મીત્ર છે તેની સેવાની કરવામાં આવેલી આ પીછાણથી ખુશાલી ઉપજી છે. અમો આ વીચારો ઘણા મજબુત રીતે ધરાવીએ છીએ તેથી આજ રાત્રે અત્રે આવવાનું તમને અમે આમંત્રણ કીધું છે, કે જેથી મુંબઇના નામાંકીત શેહેરી તરીકેનાં તમારાં કામ માટે અમો તમો માટે જે વખાણ અને ચાહ ધરાવીએ છીએ તેની નોધ અમો રેકર્ડ ઉપર લાવી શકયે. છેવટે તમો ઉપર જે માનની નવાજેશ ફરમાવવામાં આવી છે તે ભોગવવા માટે તમો અને લેડી નરીમાન લાંબી અને સુખી જીંદગી ગુજારો એવું અમો ખરાં દીલથી ઇચ્છીએ છીએ અને ઉમેદ રાખયે છીએ કે તમો તરફના અમારા વખાણ અને ચાહની એક નાની યાદ તરીકે તમો આ માનપત્ર સ્વીકારશો. (ખુશાલીના અવાજો).

અત્રે સર તેમુલજીને ઉપલું માનપત્ર એક સુંદર કાસકેટમાં મેલી પ્રમુખ સર જમશેદજી જીજીભાઇએ હાજર રહેલાઓની તાળીઓ અને હુરરેના પોકારો વચ્ચે એનાયત કર્યું હતું.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાંને ઉપલા માનપત્રનો જવાબ વાળતાં નીચે પ્રમાણે જણાવ્યું હતું:—

Sir Jamsetji, Ladies and Gentlemen,—Words fail me to adequately express how deeply I feel the honour you Sir Jamsetjee and all those leading citizens of our city belonging to the different nationalities both Indian and European who have joined this movement, have done me by presenting me this address, and I thank you all most cordially for your kind appreciation of what little service I was able to do to my own community and to the city generally. The address reminds me of the several incidents in my life during the last forty-one years that is from the commencement of my professional career. I consider myself fortunate in receiving kind attention and encouragement at all the eventful periods of my life from the titular heads of the Sir Jamsetji family. Coming from Navsari the birth place of 1st Sir Jamsetji Jeejeebhoy 52 years ago I graduated in Medicine in 1872, carrying the first prize best in medicine and surgery and bearing the honoured name of the founder of your family Sir Jamsetji Jeejeebhoy. I then started practice as you just said under the most favourable circumstances, and in the course of ten years I was fortunate in building up a large and respectable practice. Having had ample opportunities of observing the disastrous consequences of a time honoured, but most obnoxious custom then prevailing in the Parsee community of relegating every parturient woman to the ground floor of houses, dark and unventilated and amidst the most insanitary surroundings, and utterly regardless of her position or circumstances in life, whether rich or poor, young or old, healthy or sickly, and that too at the most critical period of her life, when she and her offspring most needed fresh air, good light and dry soil, in fact the very things enjoyed by the tenets of the Zoroastrian faith, I was shocked and struck by the calamitous consequences of this old standing custom and determined to carry on a crusade against it. With that object in view, I first delivered a public lecture at the Framji Cawasji Institute, thirty years ago "on the increased prevalence of Puerperal or child-birth fever in the Parsee community, its cause and prevention." That year 1884 was the year of my initiation as if it were in public life, and your uncle the third Sir Jamsetji Jeejeebhoy presided at that lecture. What bigoted opposition I met with not only from the illiterate and the orthodox members of my community, but from my own professional brethren, and what anxious days and sleepless nights I passed, having had no exeperience of the adverse and hostile criticisms of public life, I leave to my historian to describe if the history of this movement is ever written but which I earnestly hope will be written some day.

Your respected father the fourth Sir Jamsetji Jeejeebhoy honoured me by unveiling my marble statue in the Parsi Lying-in Hospital, about fifteen

years ago, and you, Sir, the fifth Sir Jamsetji Jeejeebhoy on the eve of my professional career, have stamped the seal of approval of my life work, by reading and presenting me this address on the occasion of the bestowal of the high honour of Knighthood on me by His Majesty the King Emperor. This day I consider the happiest day in my life and the memories of it and the beautiful casket enclosing the address shall be treasured by me and my descendants with gratitude and pleasure. These last three months have been full of deep appreciation, the most friendly feelings, and the kindest regards from all classes of His Majesty's subjects, European and Indian, but to-day's event I consider as the crowning glory of my life work. I have often complained of the disabilities under which the medical profession has suffered in India, but there is one redeeming feature of our noble profession and it is this, that when we are in the full tide of our professional career among the numerous grateful patients that we come across, we are fortunate in finding some good friends, true friends and very often life long friends and no better example can be found than that of my friend Sir Dinshaw Davar, a patient and friend for more than forty years, who so kindly offered and placed his palatial residence at the disposal of the committee for to-day's function and for which I tender him my grateful thanks. Now, Ladies and gentlemen, it is really very gratifying to me to find my humble efforts to alleviate the sufferings of the mothers of my community, and relieving them from the manifold evil to which they quietly submitted themselves, for generations past as well as the little public services I may have rendered both to the public of this city and to the medical profession, so highly appreciated not only by my own community but by the sister communities as well and by the body of medical profession both Indian and European. Lord Harris in his speech when he opened the Parsee Lying-in Hospital twenty years ago wished and anticipated that its success would encourage imitations in other communities and that wish is now realised as similar institutions are now spreading over the principal cities and towns of our Presidency in addition to those found in our own city and which is a source of the greatest satisfaction and pleasure to me. I repeat what I then said that the greatest reward that I received for my humble efforts is the cordial blessings and good wishes of thousands of women and children who took advantage of the institution I founded, during the last twenty-eight years. With gratitude I acknowledge the help of those leaders of my community who first came forward to support the cause I then advocated, and that of Lady Nariman whose undemonstrative, but laborious work tended considerably to the success of my propaganda. There were occasions, ladies and gentlemen, when I could not see eye to eye with some of my best friends on public and medical questions but I have all

along followed the dictates of my conscience and have not once wavered from the line of action which I thought was conducive to the best interest of my community and my country I conclude by offering my services for the rest of my life to the city in which I have passed more than fifty years of the best part of my life and by tendering on behalf of Lady Nariman and myself our warmest and most grateful thanks to all those kind friends who initiated and all those who joined this movement.

સર જમશેદજી, બાનુઓ અને ગ્રહસ્થો, જે માન તમે સર જમશેદજીએ અને બંને હીંદી તથા યુરોપીયનોની જુદી જુદી કોમોએ ને આગેવાન શેહેરીઓએ આ હીલચાલમાં જોડાઇ માનપત્ર આપી મને જે માન આપયું છે તે માટે મને કેવી ઉંડી લાગણી થાય છે તે દરશાવનારા મારી પાસે શબ્દો નથી અને મારી પોતાની કોમ અને સામાનય રીતે શેહેરની જે થોડી સેવા મેં બજાવી છે તે માટેની તમે બુજેલી માયાળુ કદર માટે હું તમો બધાનો દીલોજાન ઉપકાર માનું છું. આ માનપત્ર છેલ્લાં એકતાલીશ વરસમાં એટલે કે મારા તબીબી ધંધાની શરૂઆતથી મારી જીંદગીમાં બનેલા કેટલાક બનાવોની યાદ આપે છે. મારી જીંદગીના અગતના તબકકાઓમાં સર જમશેદજી કુટુંબના સરનો ખેતાબ ધરાવનારા વડાઓએ મારી તરફ જે માયાળુ ધયાન અને ઉતેજન આપયાં છે તે માટે હું પોતાને ભાગયશાળી ગણું છું. પેહેલા સર જમશેદજી જીજીભાઇની જનમભુમી નવસારીથી ૫૨ વરસ ઉપર આવીને મેં સને ૧૮૭૨ માં મેડસીનની પરીક્ષા પસાર કીધી અને મેડસીન અને સરજરી માટે ઉતમ ગણાતું પેહેલું ઇનામ, જે તમારાં કુટુંબનો પાયો નાખનાર સર જમશેદજી જીજીભાઇનું નામ ધરાવે છે તે હું જીતી ગયો હતો. તે પછી મેં ધંધો શરૂ કીધો અને માન ભરેલો ધંધો ઉભો કરવામાં હું નસીબવંત નીવડયો હતો.

દરેક સુવાવડી સ્ત્રી, પછી તે પઇસાદાર કે ગરીબ હોય, જવાન કે બુઢી હોય, તનદરોસ્ત કે બીમાર હોય, તે બધાને અને તેણીની જીંદગીના સરવેથી કટોકટ વખતે તેણીને તથા તેણીના બાળકને તાજી હવા, સારી રોશની અને સુકી જમીનની અને ખરૂં જોતાં જરથોસ્તી ધર્મમાં જે ખુદ ચીજો ફરમાવવામાં આવેલી છે તેની ઘણી જરૂર હોય છે, મકાનને ભોંયતળયે હવાની આવજા વગરની જગ્યાએ તથા અસુખાકારી સંજોગો વચે રાખવાની તે વેળા પારસી કોમમાં સરવેથી નુકસાનકારક રેવાજ ચાલતો હતો તેનાં આફતકારક પરીણામો તપાસવાની મને બહોળી તક મળી. આ રેવાજનાં ભયંકર પરીણામોથી મારી લાગણી ઘણી દુખાઇ હતી અને તે સામે લડાઇ ચલાવવાનો મેં ઠરાવ કીધો હતો. તે નેમ ધયાનમાં રાખીને ત્રીસ વરસ ઉપર મેં ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટમાં "પારસી કોમમાં સુવાવડનો એટલે બચાંને જનમ આપતી વખતનો તાવ, તેના સબબો અને તેના અટકાવો" ઉપર મેં પહેલું જાહેર ભાષણ આપયું હતું. એ સને ૧૮૮૪નું વરસ જાણે જાહેર જીંદગીમાં દાખલ થવાનું મારૂં પેહેલું વરસ હતું અને તમારા કાકા ત્રીજા સર જમશેદજી જીજીભાઇ તે ભાષણમાં પ્રમુખસ્થાને બીરાજયા હતા. કોમના અભણ અને જુના વીચારનાજ આસામીઓ તરફથી નહી પણ ધંધાદારી બાઇઓ તરફથી તે સામે કેવી જનુની લડત ચલાવવામાં આવી હતી અને જાહેર જીંદગીમાં કરવામાં આવતા વીરૂધતા અને સટરપટ ભરેલા ટીકાઓનો મને કાંઇ અનુભવ નહી હોવાથી મેં કેવા ચીંતાતુર દીવસો અને ઉજાગરાની રાતો પસાર કીધેલી હોવી જોઇએ તેનું વરણન આપવાનું, જો આ હીલચાલની તવારીખ કદીપણ લખાય અને હું ખરાં દીલથી ઇચ્છું છું કે તે કોઇ દીવસે લખવામાં આવશે તો, મારા તવારીખનવેશ ઉપર હું તે કામ છોડું છું.

હજારો બાનુઓ તથા બાળકોના મેળવેલા દીલોજાન આશીષ.

તમારા માનવંત પીતા ચોથા સર જમશેદજી જીજીભાઇએ આશરે પંદર વરસ ઉપર પારસી સુવાવડખાનામાં મારૂં સંગેમરમરનું પુતળું ખુલ્લું મેલવાનું મને માન આપ્યુ હતું અને તમો સાહેબ પાંચમા સર જમશેદજી જીજીભાઇએ મારી તબીબી કારકીર્દીના છેવટના ભાગમાં નામદાર શેહેનશાહ તરફથી બખશવામાં આવેલાં નાઇટહુડના ઉંચા માનના અવસરે આ માનપત્ર વાંચી તથા મને એનાયત કરી મારી જીંદગીના કામ તરફ પસંદગીનો છાપ માર્યો છે. આ દીવસ મારી જીંદગીમાં હું સર્વેથી સુખી ધણું છું અને તેની યાદગારી તરીકે આ માનપત્ર જે સુંદર દાબડામાં મુકવામાં આવયું છે તે આભાર અને ખુશાળીની લાગણી સાથે હું તથા મારા વારસો જાળવી રાખીશું. છેલા ત્રણ મહીના નામદાર શેહનશાહની યુરોપીઅન તેમજ હીંદી રૈયતના બધા વરગો તરફથી ભારે કદર, સરવેની મીત્રાચારી ભરેલી લાગણી અને માયાળુ કાળજી ભરેલા પસાર થયા છે, પણ આજના બનાવને હું મારી જીંદગીનાં કામના સરવેથી કીરતીવંત તબકકા તરીકે ગણું છું.

અમારા ઉમદા ધંધામાં સંખયાબંધ આભારી દરદીઓના સમાગમમાં અમે આવયે છીએ તેઓમાં અમારી ધંધાદારી કારકીરદીના અમો પુર બહારમાં હોઇએ છીએ તયારે અમો કેટલાક ભલા મીત્રો, ખરા મીત્રો અને વારે ઘડી આખી જીંદગી સુધીના મીત્રો મેળવવાને અમે નસીબવંત નીવડયે છીયે. તેને લગતો મારા મીત્ર સર દીનશાહ દાવર કરતાં કોઈ વધુ સારો દાખલો હું રજુ કરી શકું નહી, કે જેવણ ચાલીસ વરસથી વધુ થયાં મારી તબીબી મદદ મેળવનાર અને મીત્ર છે અને જેવણે કમીતીને પોતાનું આ મેહેલ જેવું મકાન આપયું છે તે માટે હું આભારી દીલે તેવણનો ઉપકાર માનું છું.

મારી કોમની માતાઓનું સંકટ ઓછું કરવાની અને જમાનાઓ થયાં જે સંખ્યાબંધ દુખો તેઓ મુગે મોઢે ખમતી આવી છે તેમાં ઉગાલો કરવાની મારી નાકેશ કોશેશો તેમજ જે થોડીક જાહેર સેવાઓ, આ શેહેરની જાહેર પ્રજા અને તબીબી મંડળને કીધી હોય તેની આવી ઉંચી કદર મારી પોતાની કોમના આસામીઓ તરફથીજ નહી પણ ભાઇબંધ કોમો તરફથી તેમજ બંને હીંદી અને યુરોપીયન તબીબી મંડળ તરફથી બુજવામાં આવે છે તે જોઇ મને ખચીત મોટો સંતોષ ઉપજયો છે. પારસી સુવાવડખાનું વીશ વરસ ઉપર ખુલ્લું મેલતી વેળા લોર્ડ હેરીસે ઉમેદ બતાવી હતી કે એ ખાતાંની ફતેહથી તેની નકલ કરવાનું બીજી કોમોને ઉતેજન મળશે. તે નામદારની આ ખાહેશ પાર પડી છે, કારણ કે આપણાં શેહેરમાં તેમજ ઇલાકાનાં મુખ્ય નાનાં અને મોટાં શેહરોમાં એવાં ખાતાંઓ ફેલાતાં જાય છે જે જોઇ મને મોટો સંતોષ અને ખુશાલી ઉપજી છે. મારી નમ્ર કોશેશો માટે મેં જે સર્વેથી મોટો બદલો મેળવ્યો છે તે એ કે છેલ્લાં ૨૮ વરસની ઉપર જે ખાતાંની સ્થાપના કરી હતી તે ખાતાંમાંથી બાહાર પડેલાં હજારો બાનુઓ તથા બાળકોનાં દીલોજાન આશીશ અને શુભ ઇચ્છાઓ હું ભોગવું છું. મેં માંથે ઉપાડી લીધેલાં કામમાં મદદ કરવા કોમના જે આગેવાનો પહેલવહેલાં બહાર પડયા હતા તથા લેડી નરીમાન કે જેઓએ બાહારની કશી પણ ધાંધલ યા ધરપચ વગર મારાં અતી જેહમત ભર્યાં કામને પાર ઉતારવામાં અને જે મદદ કરી હતી તે કીંમતી મદદની યાદ આજે પણ હું ભારે અહેસાનની લાગણી સાથે કરૂં છું. જાહેર તેમજ તબીબી મોટા સવાલોમાં હું કેટલાક જાની મીત્રો સાથે એકમત થઈ શકયો નથી પણ હું ખાત્રી આપું છું કે આવા સવાલોમાં હું હમેશ મારાં અંતકરણપુર્વક વસ્તી કામ લેતો,

આવ્યો છું અને મને લાગ્યું છે કે અમુક રાજનીતીએ કામ લેવાથીજ મારી કોમ તથા મારા દેશનું હીત વધતામાં વધતું જાળવી શકાશે તેમાં હું તેવી રીતે કામ લેવાથી સહેજ પણ પછાત પડયો નથી. આ શેહર કે જેમાં મેં મારી જીંદગીનો મોટો ભાગ એટલે કે લગભગ પચાસ વરસ ઉપર ગાલ્યાં છે—તે શહેરને મારી બાકીની જીંદગી દરમ્યાન પણ સેવા અરપણ કરીશ એમ હું તમોને ખાત્રી આપું છું અને જેઓએ મેળાવડાને પાર પાડવામાં ભાગ લીધો છે તેઓનો હું મારા તરફથી તેમજ લેડી નરીમાન તરફથી ખરાં અંતકરણથી ઉપકાર માનું છું (ચાલુ ખુશાલીના પોકારો.)

એ પછી સર તેમુલજી તથા લેડી નરીમાનને એક મગમગતો હાર અને ગજરો સર જમશેદજીએ ખુશહાલીના પોકારો વચે એનાયત કરયો હતો અને સર તેમુલજી માટે ખુશહાલીના ત્રણ પોકારો થયા હતા જે હાજર રહેલાઓએ ઘણી ઉતસાહથી ઉપાડી લીધાં હતાં. મેળાવડામાં ભાગ લેનારાં પરોણાંઓએ સર તેમુલજી ઉપર મુબારકબાદીનો વરસાદ વરસાવ્યો હતો જેનો તેઓ વળતો ઉપકાર માની જવાબ વાળતા હતા. એ પછી પરોણાંઓ ઉંચા રીફ્રેશમેંટને ઇનસાફ આપી મોડી રાત્રે વીખેરાયાં હતાં.

સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમાં પુરાણી એલફીનસ્ટન કલબે કરેલો ખાણાનો મેલાવડો.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનનાં માનમાં એક ખાણાંનો મેળાવડો અત્રેની પુરાણી એલફીન્સ્ટન કલબે ગોવાલ્યા તળાવ ઉપરના પોતાના કુશાદે બંગલામાં તા૦ ૧૪ મી ફેબરવારીએ રાત્રે કર્યો હતો. એ વેળા પ્રમુખસ્થાને એ કલબના એક જુના સભાસદ શેઠ મેહરવાનજી મનચેરજી કામા બીરાજ્યા હતા. ખાણાં ઉપર કલબના સભાસદો ઉપરાંત મુંબઇના કેટલાક જાણીતા શહેરીઓને પણ નોતરવામાં આવ્યા હતા અને એક મોટી સંખ્યાએ સામેલગીરી આપી હતી. સર તેમુલજી કલબનાં મકાનમાં આવી પુગતાં તેઓને પ્રમુખ તથા કલબના બીજા સભાસદોએ આવકાર આપ્યા પછી કેટલોક વખત ખુશ ગોફતેગોમાં ગુજારયા બાદ સર્વે ખાણાંને ઇનસાફ આપવા બેઠા હતા.

ખાણાં ઉપર પ્રમુખે પહેલવહેલાં નામદાર શહેનશાહની સલામતી લેવાડી હતી, જે સર્વેએ ઉભા થઇ ઉત્સાહ સાથે લીધી હતી.

પ્રમુખ શેઠ મેહેરવાનજીએ સર તેમુલજીની લેવાડેલી સલામતી.

પ્રમુખે ડા૦ સર તેમુલજીની સલામતી લેવાડતાં જણાવ્યું કે હું ડા૦ સર તેમુલજી નરીમાન, કે જેવણનાં માનમાં આજે આપણે ભેગા મળ્યા છીએ તેવણની સલામતી લેવાડું છું. સર તેમુલજી એટલા તો સારી રીતે જણાયલા છે અને તમો એટલી તો સારી કદર તેમની બુજો છો કે આ સલામતી સ્વીકારવા માટે ઘણા શબ્દો બોલવાની મને જરૂર નથી. એવણને મેં પહેલવહેલા જોયા હતા ત્યારે એઓ કોટના એક ગીચ લત્તામાંથી ઝડપી પગલે ચાલતા હતા અને એવણ તબીબ તરીકે તરતનાજ બહાર પડેલા હતા—કે જે તબીબી ધંધાને એઓ શણગાર સમાન છે. તે વેળા તેઓને પાલખીમાં બેસી જતા મેં જોયા હતા કે જે પાલખી ચાર મજબુત બાંધાના હમાલો પોતાનાં

ખભાં ઉપર ઉચકીને ચાલતા હતા. પોતાના દુઃખ ભોગવતાં દરદીઓ તરફનો તેઓનો ઉત્સાહ અને કાળજી, તેઓની જવાન વયની ખંત, તેઓની હીંમત, એ તેવણુની આગળ વધવાની ખાહેશનો જુસ્સો હતો. પણુ મારા વીચાર મુજબ એ કહી શકાય કે તે પોતાને માટે કીરતી અને દોલત મેળવવાની પોતાની લાયકાત ઉપરનો વીશ્વાસ ખુલ્લી રીતે બતાવતું હતું.

તરતનાજ તબીબી ધંધામાં પડેલા તરીકે તેવણુને વધારે અનુભવી ડાક્ટરો કે જેઓ આપણુા વચે કીરતી મેળવી ચુકયા હતા તેઓ વચેથી માર્ગ લેવાનો હતો, પણુ એઓનો ઉત્સાહ, ધીરજ, સાલેસાઇ, સારો ખવાસ અને એવણુને જોવાથીજ હીંમત આવે એવી હાજરી, તથા તે સાથે પોતાની લાયકાતનાં પરીણુમે એઓએ બધાઓનાં દીલ જીતી લીધાં હતાં. એવણુ દુન્યામાં ઘણી ઝડપથી આગળ વધ્યા અને આપણી કોમનાં કેટલાંક સારાં જાણીતાં અને વગવાળાં કુટુંબોનાં વખાણુ અને ચાહ મેળવવા સામર્થવાન થયા.

પારસી સુવાવડખાનાની સેવા

એઓએ પોતાની જીંદગીનું સર્વેથી મોટું કામ ઉપાડી લીધું કે જે એવણુનાં નામને તવારીખમાં યાદગાર બનાવશે. એ કામ તે પારસી સુવાવડખાતું છે જે લોકોમાં "ડોકટર તેમુલજીનાં સુવાવડખાના" તરીકે વધારે વીખયાતી પામેલું છે. તનદરોસ્તીને કેવા નુકશાનકારક અને અસુખાકારી સંજોગો વચ્ચે મકાનોનાં ભોંયતળીયેના અંધારા ખુણુંઓમાં પારસી સ્ત્રીઓની સુવાવડ તે વેળા કરવામાં આવતી હતી, તેઓને બીમારીઓથી કેવું ખમવું પડતું હતું અને તે જમાનાની અજ્ઞાન દાઇઓ તેઓની સારવાર કરતી હતી તેનો ઘણો થોડોજ ખ્યાલ આ જમાનાના મારા જવાન પારસી મીત્રોને આવશે. એવણુને ઉંડા જડ ઘાલી બેઠેલા વહેમો સામે લડત ચલાવવી પડી હતી અને પોતાના માર્ગમાં મુકવામાં આવેલી બધી મુશકેલીઓ વટાવવી પડી હતી. એવણે એક કાયમનું સુવાવડખાતું સ્થાપયું જે એવણુ પોતાના દીકરાની મદદ સાથે આજસુધી ફતેહમંદીથી ચલાવતા રહયા છે. વળી આપણે લેડી નરીમાનની કીમતી સેવા ભુલવી જોઇતી નથી, જેવણુ હોસ્પીટલનાં ઘરસંસારી કામકાજ ઉપર ધયાન આપે છે અને તયાં પોતાના ભરથાર તરફથી સ્થાપવામાં આવતાં સારાં કામને ટેકો આપે છે. સર તેમુલજીએ મુંબઇમાં આપણી કોમની કીંમતી સેવા બજાવી છે. એવણુને જોઇને આ મોટો સંતોષ ઉપજેશે હોવો જોઇએ કે એવુંજ ખાતું અસલી વીચારવાળાઓનાં મુખય મથક નવસારીમાં સ્થાપવામાં આવયું છે અને તેનો છુટથી લાભ લેવામાં આવે છે.

બીજી સાખાઓમાં તેઓએ બજાવેલી સેવા.

મુંબઇની કોરપરેશન અને યુનીવરસીટી તથા લેડી ડફરીન ફંડની સર તેમુલજીએ બજાવેલી સેવાઓ ઘણી જાણીતી છે. પોતાના ખરા વીચારો બહાર પાડવાની એવણુમાં હીમતછે અને પોતે જે ખરૂં વીચારે તે પોતાની ફરજ તરીકે માની એવણુ મજબુતાઇથી જાહેર કરે છે. સર તેમુલજી કાંઇ મોટા જનમેલા નહી હતા. એવણુને હું ઘણાં નશીબવંત ગણું છું, કે એવણુ એવા પીતા ધરાવતા હતા કે જેવણુ જોકે નવસારીના એક રહીશ હતા અને પોતાના જમાના કરતાં આગળ વધેલા વીચારો ધરાવતા હતા અને કેળવણીની કદર છુટથી બુજતા હતા. આપણા નામદાર શેહેનશાહે એઓને નાઇટ બનાવયા છે. આવા એક આસામી સર તેમુલજી છે કે જેઓને માન આપવા આંજ રાત્રે આપણે ભેગા મલ્યા છીએ અને આપણે દુવા ચાહીશું કે આ માન તેઓ

તનદરોસ્તી અને સુખમાં પોતાનાં કુટુંબ વચ્ચે ભોગવે, અને જે ભલું કામ એવણુ બજાવે છે તે બજાવવાનું એઓ ચાલુ રાખે. તમોને એઓની સલામતી નોશ કરવા જણાવું છું.

ઉપલી સલામતી સર્વએ ઉભા થઇ ખુશાલીના પોકારો વચ્ચે લીધી હતી.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાને જણાવ્યું કે પ્રમુખ સાહેબે મારી સલામતી ઇચછતાં મારા માટે જે સારા સખુનો ઓચરયા છે તે માટે હું તેમનો, તથા તમો ગ્રહસ્થોનો ખરેખર દીલોજાનીભર્યો ઉપકાર માનું છું. આપણા પ્રમુખ મી૦ કામા, કે જેઓ મારા એક માનવંત મીત્ર થાય છે તેઓએ તમો સનમુખ મારી જીંદગીનો કાંઇક ચીતાર આપ્યો છે. આશરે ૫૦ થી વધું વરસની વાત ઉપર એલફીનસ્ટન ઇનસ્ટીટયુશનમાં હું તેમજ મી૦ કામા સાથે શીખતા હતા. તેઓ પોતાના પીતાના ઉમદા શુભેછા મુજબ ચાલી એક વેપારી વર્ગ, કે જે એ શાળામાં તે વેળા ખોળવામા આવ્યો હતો તેમાં જોડાયા જ્યારે હું મારા પીતાની સલાહ મુજબ ચાલી તબીબી લાઇનમાં જોડાયો.

તબીબી ધંધો ખચીત ઉમદા છે ખરો પણુ તે સઘળા ધંધાઓમાં ઘણો સ્વભોગ આપનારો તથા ઓછી કમાણી કરનારો ધંધો છે. તમો તમારી એ ધંધાદારી કારકીરદીના પુર બહારમાં હોવો ત્યારે તમોને રાત અને દીવસ સખત વહીતરૂં કરવું પડે છે. તમો તમારા દરદીઓના ભલાં માટે જે પણુ કાંઇક કાળજી અને ઉતસાહ દેખાડો તેનો નતીજો તમોને એવો મલશે કે તમારી ખામીઓ સોધવા નીકળનારાઓ તમારા માટે ટીકા કરશે. આ ખોલાસો એટલા માટેજ કરૂં છું કે તમોને જ્યારે તમારા બેટાઓનાં ભવીષ્યની કારકીરદી માટે વીચાર કરવાનો હોય ત્યારે તમો આ ઉપર કાંઇક ગોર કરશો. નામદાર શેહેનશાહની સરકારે મારા ઉપર કરેલા જે ઉંચા માનની નવાજેસ માટે હું નામદાર લોર્ડ વીલીંગડનની સરકારનો મોટો આભારી છું. નામદાર સરકારે આ માન મને આપી આડકત્રી રીતે તો આખા તબીબી ધંધાને માન આપ્યું છે. સુવાવડ ખાનાંની સ્થાપના કરી પારસી કોમની મેં જે કાંઇ સેવા બજાવી છે તે માટે મારા મીત્ર મી૦ કામાએ ઇસારો કરયો છે. મારી જીંદગીમાં જો કોઇ પણુ ચીજે મને મોટી ખુશી હાંસલ કરી હોય તથા મને મોટામાં મોટો સંતોષ આપ્યો હોય તો તે મેં આ સુવાવડખાનાની સ્થાપના કરવા જે ચાલું રંજ ખેંચી હતી તે છે. મારી વધતી જતી વય છતાં તથા મારી અનેક પ્રકારની રોકાણો છતાં હું હજી એ ખાતાંની સેવા મારાથી બની શકતી રીતે બજાવ્યો જાઉ છું અને જોઇને મને ખુશી ઉપજે છે કે એ ખાતાંનો લાભ લેનારાઓ ખરાં દીલથી મને આશીષ દે છે.

આ ખાતાંએ કોમની ખરેજ ભારે સેવા બજાવી છે, તેથી સુવાવડી બાનુઓ તથા બાળકોનું મરણુ પ્રમાણુ ઘટયું છે. પારસીઓમાં એવો નુકસાનકારક રીવાજ હતો કે તેણીની સુવાવડ વેળા એક અંધારા ઓરડામાં લઇ જઇ રાખવી, તેને પરીણામે હજારો સ્ત્રીઓને જે વેદના ખમવી પડતી હતી અને તેઓ જે અકસમાતોના ભોગ થઇ પડતી હતી તેનો આ સુવાવડખાનાનાં પરીણામમાં અંત આવ્યો છે. સ્ત્રીઓને આવા કટોકટના વખતે જ્યારે તાજી હવા અને બધી પ્રકારના સુખાકારી સંજોગોની જરૂર રહે છે ત્યારેજ તેઓને આવા ગલીચ સંજોગો વચ્ચે રાખવામાં આવતી હતી તેથી મેં જે લડત ચલાવી હતી તે આપણી કોમની જવાન અને સારી ઉમેદ આપનારી માતાઓ તરફની હતી કે જેઓની તનદરોસ્ત જીંદગી અને મજબુત શરીરનું બંધારણુ આપણી ભવીશયની ઓલાદ માટે ભારે લાભકારક છે. મારા હાથ તળેનું સુવાવડખાતું હંમેશા ચીકાર ભરેલું રહે છે. શહેરના બધા ભાગોમાં સંખયાબંધ નાનાં સુવાવડખાનાઓ બધી કોમો

માટે હસ્તીમાં આવ્યાં છે તેથી જે જમાનામાં મેં ચળવળ કીધી હતી તે વાજબી હોવાની સાબેતી પુરી પાડે છે. (તાળીઓ).

લેડી નરીમાનની સેવા—લાખો રૂપ્યાનો કરેલો બચાવ.

હોસપીટલના સંબંધમાં લેડી નરીમાન અને મારા દીકરા ડા૦ રતનશાહે જે સેવાઓ બજાવી છે તે વીષે આપણા પ્રમુખ સાહેબે જે માયાળુ ઇશારો કરયો છે તે વીષે ઉપકાર માનવા વીના મારાથી રહેવાતું નથી. અમો બધાઓને મનશે તે એક Labour of love (પ્યારભરી મહેનત) હતી પણ મારે કબુલ કરવું જોઇયે કે અમારાં ખાતાંને જે ફતેહ અને લોકપ્રીયતા મળી છે તે મોટે ભાગે લેડી નરીમાનની ખંત અને ચાલુ મેહનતને આભારી છે. તેવણ ઓસપીટલને લગતાં દરેક કામકાજ ઉપર એક માતા જેવી સંભાળથી મંડતાં હતાં અને ઘણી સખતાઇથી કરકસર કરીને એ ખાતાંને તથા સામાનય રીતે આખી પારસી કોમને લખ્ખો રૂપિયા બચાવી આપ્યા છે. (તાળીઓ).

મારા વહાલા માનવંત પીતા ઘણા સુધરેલા વિચાર ધરાવનાર હતા અને તેઓ એક મોટા સંસાર સુધારક હતા. પંચાવનથી વધુ વરસ ઉપર તેઓ નવસારીમાં એ શેહરનાં બઇરાંઓના મેળાવડા સનમુખ સંસારી બાબતો ઉપર ભાષણો આપતા હતા. તેવણ નવસારીમાં અંગ્રેજી કેળવણી આપવાની પહેલ કરનાર હતા અને મરહુમ મી૦ ખરશેદજી નશરવાનજી કામાની મદદથી—તેવણ સર કાવશજી જેહાંગીર નવસારી જરથોસ્તી મદરેશા ખોલવાને સામર્થવાન થયા હતા. તેવણ એ શાળા માટે ફંડ ઉભું કરવા શારૂ મુંબઇમાં ઘેરઘેર ફરયા હતા, અને આખરે ફતેહમંદ નીવડયા અને આપણી આગળ એવો એક નેમુનેદાર દાખલો પડેલો છે કે જ્યાં સ્કુલમાં જવા લાયક ઉમરના લગભગ દરેક છોકરા અને છોકરી નવસારીની સ્કુલમાં હાજરી આપેછે.

આજ રાત્રે મારી માયાળુ પરોણાગત કરનાર એલફીનસ્ટન કલબના સભાસદ તરીકેજ મને પ્રથમ પારસી સુવાવડખાનું સ્થાપવાનો વિચાર સુજયો હતો. એલફીનસ્ટન કલબના ચાર નામાંકીત સભાસદો, મારા મરહુમ મીત્રો મેસર્સ સોરાબજી શાપુરજી બંગાળી, સોરાબજી ફરામજી પટેલ, નશરવાનજી જેહાંગીરજી વાહાડયા અને જમશેદજી નશરવાનજી તાતાની મદદને પરીણામે મારા સામે ઉભેલી પહેલી નાણા સંબંધી મુશકેલી વટાવવાને હું સામર્થવાન થયો અને એલફીનસ્ટન કલબનાં આજ રાતના ખાણાંને મારી આખી જીંદગી દરમ્યાન બજાવેલાં કામની કીરતીભરી ટોંચ તરીકે ગણું છું. (જોસભર તાળીઓ.) એ પછી શેઠ હોરમજી અરદેશર વાડીઆએ પરોણાઓની સલામતી લેવડાવી પ્રસંગને અનુસરતું ભાષણ કરવા બાદ મેળાવડો મોડી રાત્રે વીખેરાયો હતો.

સર તેમુલજી નરીમાનના માનમાં મુંબઇના તબીબો તરફથી ફ્રીમેશન હોલમાં થયલો ખાણાનો દબદબાભરયો મેળાવડો.

ડા૦ સર તેમુલજી બીખાજી નરીમાનને મુબારકબાદી આપવા માટે ખાણાંનો એક દબદબાભરયો મેળાવડો તા૦ ૯મી મારચે ફ્રીમેશન હોલમાં રાત્રે મુંબઇના સઘળા તબીબ ધંધાદારીઓ તરફથી કરવામાં આવ્યો હતો. આ ખાણામાં જેમ ઇંડીયન મેડીકલ સરવીસના સઘળા આગેવાન સભાસદોએ શામેલગીરી આપી હતી તેમજ સ્વતંત્ર તબીબ ધંધાદારીઓના પણ

પ્રતીનીધીઓએ સારી સંખ્યામાં પોતાની હાજરી આપી હતી, જે મુંબઇના તબીબ મંડળમાં સર તેમુલજી નરીમાનની લોકપ્રીયતાની ગવાહી આપે છે.

ખાણા ઉપર પ્રમુખસ્થાને મુંબઇના સરજીયન જનરલ લાયનસ બીરાજ્યા હતા.

ખાણાની અધવચે રાબેતા મુજબ નામદાર શહેનશાહની સલામતી પ્રમુખે લેવાડી હતી જે સરવેએ ઉભા થઇ લીધી હતી.

પ્રમુખ સરજીયન-જનરલ લાયનસે લેવાડેલી સલામતી.

સરજીયન જનરલ લાયનસે સર તેમુલજીની સલામતી મોટા પોકારો વચ્ચે લેવાડતાં જણાવ્યું કે પ્રમુખસ્થાને ઇનડયન મેડીકલ સરવીસના ડીરેકટર જનરલ સર પારડી લ્યુકીસ બીરાજનાર હતા, પણ તેઓ આવી ન શકવાથી એ ફરજ મારે માથે આવી પડી છે.

સર તેમુલજીને તમો સઘળાઓ સારી રવેસે પીછાનો છો, અને તેઓ મારા પણ એક જુના મીત્ર થાય છે. તેઓએ તબીબી ધંધામાં પોતાની બાહોશીથી, આપબળથી ઘણી નામના મેળવી છે અને તેવા એક લાયકને સરકારે લાયક માન આપેલું જોઇ આપણને ઘણો સંતોષ ઉપજે છે. તેઓની અતયાર સુધીની કારકીરદી ખરેજ નોંધવા જોગ છે એ તેઓની બાહોશી અને આગળ વધવાની તેઓની શકતીનો ઘણો સરસ ખયાલ આપે છે. સને ૧૮૭૩ માં તેઓ ગ્રેડયુએટ થઇ મેડીસીન અને સરજરીમાં ઇનામો મેલવવા સામરથવાન થયા હતા. એમ. ડી. તથા બીજી પરીક્ષાઓ માટે તેવણને પરીક્ષક તરીકે ઉપરાસાપરી ઘણાં વરસો સુધી નેમવામાં આવ્યા કે જેવું માન કુવચીતજ બીજાઓને મળે છે. મેડીકલ યુનયનના પ્રમુખ તરીકે પણ તેઓએ માન ભોગવ્યું છે તથા બોંબે મેડીકલ ફીઝીકલ સોસાયટીના ઉપ-પ્રમુખ તરીકેનો ઓધો તેઓએ ઘણી ચાલાકીથી બજાવ્યો હતો. મીડવીફરીમાં તેઓ એક એક્ષપરટ છે અને છેલ્લી પા સદી ઉપર થઇ તેઓએ એ શાખામાં પ્રોફેસર તરીકે ઘણી વીખયાતી મેળવી હતી. તેઓ આપણી યુનીવરસીટીમાં પણ એક ફેલો તરીકે ઘણું ઉપયોગી કામકાજ બજાવે છે અને ત્યાં ઉભા થતા જાહેર સવાલોમાં ઘણો ઉલટભરયો ભાગ લે છે. વળી સર તેમુલજીએ મરકીના વખતમાં બજાવેલી સેવા ખરેજ અમુલ્ય વખતની કહી શકાશે. સર તેમુલજી બીનદેહેસ્તે દરેક ઘેરેઘેર ફરી મુલાકાત લેતા હતા તથા દાદર અને મટુંગા ખાતે આવેલી છાવણીમાં વસ્તા લોકોને તેઓએ મફત દવાઓ પુરી પાડી હતી. નામદાર સરકારે તેમની આ સેવાઓ ધયાનમાં લઇ તેઓને પલેગ કમીટીમાં પણ રોકયા હતા. તે કમીટીમાં પણ તેઓનો અનુભવ અને સલાહ ઘણુંજ કીમતી થઈ પડયાં હતાં. કાઉનટેસ ઓફ ડફરીન ફંડની મુંબઇની શાખાના તેઓ ઓનરરી ટ્રેઝરરનો ઓધો ભોગવે છે અને પોતાના તે ઓધાની રૂએ તેઓએ આ ઇલાકાની દુઃખી દરદીઓઓની ઘણી કીમતી સેવા બજાવી છે.

સર તેમુલજીએ ખાસ કરી પારસી સુવાવડખાનાની સ્થાપનાના સંબંધમાં જે હીસ્સો આપયો છે તે ઘણો લાંબો વખત સુધી ભુલી જઇ શકાશે નહી. આ ખાતું મુંબઇમાંજ નહી પણ આખા હીંદમાં એક નમુનેદાર ખાતું લેખી શકાશે. તેઓ નામદાર સરકાર તેમજ પ્રજાનો એક સરખો વીશ્વાસ જીતી શકયા છે. મ્યુનીસીપલ કોરપરેશનમાં તેઓ આજ કેટલાક વરસ થયાં બેઠક ધરાવે છે અને તયાં પણ તેઓ જાહેર સવાલોમાં ઘણો ઉલટભર્યો ભાગ લેતા આવયા છે. મુંબઇના આજી ગવરનર લોર્ડ સીડનહેમના વખતમાં તેઓને નામદાર ગવરનરની ધારાસભામાં

બીરાજવાનું માન મળયું હતું અને ત્યાં પણ તેઓની સલાહ અને અનુભવ ઘણા કામના થઇ પડયાં હતાં.

મુંબઇની યુનીવરસીટીના ફેકલ્ટી ઓફ મેડીસીનના ડીન તરીકેનો ઓધો તેઓ ઘણા વરસો થયા ધરાવતા આવયા હતા, તેમજ કોલેજ ઓફ ફીઝીશીયન અને સરજયનસ જે થોડુંક ઉપર આપણા શહેરમાં સ્થાપવામાં આવી છે તેના ઉપ-પ્રમુખનો ઓધો ધરાવે છે. નામદાર સરકારે આ સઘળા ઉપરાંત તેઓને હાલમાં સર્વથી ઉંચ પ્રકારનું માન તેઓને નાઇટહુડનો ખેતાબ બક્ષીને આપયું છે કે જે માન મુંબઇનું તબીબી મંડળ ખુદ પોતાને મલેલું ગણે છે. લગભગ અરધી સદી ઉપરની પોતાની કારકીરદી દરમયાન તેઓએ જે અતી થાકવી નાખનારૂં કામ બજાવયું છે તેની આ પ્રમાણે પીછાણ થયલી જોઇ આપણને ઘણો સંતોષ ઉપજે છે. તબીબ તરીકે તેઓએ ઘણું સખત કામ બજાવયું છે અને એક શહેરી તરીકે મુંબઇમ સઘળાઓનું માન મેલવીને તેઓ નસીબવંત નીવડયા છે. તેઓ હમેશાં પોતાને જે કાંઈ દરૂસ્ત લાગે તે મારગ હમેશ સીધી રીતે અખત્યાર કરતા આવ્યા છે. હું આજ રાતના આપણા પરોણા સર તેમુલજીની સલામતી નોશ કરવાને આગ્રહ કરૂં છું તથા તે સલામતીની સાથે લેડી તેમુલજી નરીમાનનું નામ હું જોડું છું.

ઉપલી સલામતી હાજર રહેલા સરવેએ પુર ઉત્સાહ અને ઉમંગ સાથે ઉપાડી લીધી હતી. એ પછી સર તેમુલજી નરીમાનને હાર તોરા એનાયત કરવામાં આવયા હતા અને હાજર રહેલા સરવેનો ફ્લેશ લાઇટથી ફોટો લેવામાં આવયો હતો.

સર તેમુલજી નરીમાનનો જવાબ.

સર તેમુલજી નરીમાને સલામતીનો જવાબ વાલતાં જણાવ્યું કે આ ઇલાકાની તબીબી નોકરીના સરવથી વડા તથા મારા માનવંત મીત્ર સરજીઅન જનરલ લાયનસે પ્રમુખસ્થાને બીરાજી અને જે મોટું માન આપયું છે તે માટે તેમનો ખરાં અંતઃકરણથી આભાર માનુંછું. વળી તેઓએ મારી સલામતી જે માયાકુળ રીતે તથા ઉંચી સ્તુતી કરનારા શબ્દોમાં લેવાડી છે, તથા તમો મારા તબીબી બાઇબંધોએ જે બારે ઉત્સાહથી આ સલામતી નોશ કરી છે તે માટે પણ હું તમારો મોટો ઉપકાર માનુંછું.

આજનો અવસર હીંદના તબીબી ધંધાની તબીબી તવારીખમાં એક ખરેજ અસાધારણ પ્રકારનો છે તથા સ્વતંત્ર તબીબી ધંધાના એક સભાસદને માન આપવાને થયલાં એક ખાણાંના મેળાવડામાં ઇંડીઅન મેડીકલ સરવીસના એક સરવથી મુખીએ સામેલગીરી આપવાનો તેમજ તેવા મેળાવડામાં પ્રમુખસ્થાને બીરાજવાનો બનાવ આ એક પેહલવહેલોજ લેખી શકાશે. ઈંડીઅન મેડીકલ સરવીસના ડીરેકટર જનરલ સર પારડી લ્યુકીસે આજના મેળાવડાનો દીવસ ફેરવવામાં આવે તો અત્રે હાજરી આપવાનીજ નહી પણ પ્રમુખસ્થાને બીરાજવાની પોતાની ખુશી જાહેર કરી હતી.

મારી આસપાસ મુંબઇમાં વસતા ઈંડીઅન મેડીકલ સરવીસના સઘળા સભાસદો-શું યુરોપીઅન કે હીંદીવાનોને તેમજ દરેક જુદીજુદી કોમો અને વરગના-હીંદુઓ, મહોમેદનો, પારસીઓ, ક્રીસ્તીઓ તેમજ પારસી આગેવાન તબીબી ધંધાદારીઓની આવી એક અસાધારણ મોટી સંખ્યાને સરજીઅન જનરલ અને તેમના હાથ નીચેના અમલદારો સાથે ભેળાયલા જોવું છું, ત્યારે જે સર્વેથી પહેલો ખ્યાલ મને મારાં મગજમાં ઉત્પન્ન થાય છે તે એ કે સ્વતંત્ર હીંદી તબીબ

ધંધાદારીઓ અને ઇંડીઅન મેડીકલ સરવીસના સભાસદો વચે એખલાસ અને અઇક્યતા નહીં હોવાની જે લાંબી લાંબી વાતો કરવામાં આવે છે તેમાં કેટલું પોકળ સમાયલું છે. ગ્રાંટ મેડીકલ કાલેજના સ્થાપક તથા તેના પહેલવહેલા પ્રીનસીપલ ડા૰ મોરહેડ ઇંડીઅન મેડીકલ સરવીસનાજ એક નામાંકીત સભાસદ હતા અને તે પછીના સઘળા પ્રીનસીપલો જેઓએ આપણા ઇલાકામાં તબીબી ધંધામાં નામના અને આગેવાની મેળવી હતી તેઓ પણ ઇંડીઅન મેડીકલ સરવીસનાજ સભાસદો હતા, અને તેઓની યાદ તેઓના પછી એ ઓહદાઓ ઉપર આવનારા તેઓના જાએનશીનોની પણ આ એકસરખી ફરજ છે કે તેઓએ કાલેજના ઉગતા વીદ્યારથીઓને પોતાનાં બાળકો શરીકે લેખવા તથા તેઓના માબાપ તરીકે સંભાળ લઇ તેઓનાં હીતોની જાળવણી કરવી.

એકતાલીસ વરસની સેવાઓનો બદલો.

જ્યારે હું મારી આસપાસ તબીબી ધંધાદારીઓનો આવો એક દબદબાભર્યો મેળાવડો જોવું છું, અને આજના મેળાવડામાં હાજર થવાની ખાહેશ રાખનારાઓ સંખ્યાબંધ જણાઓને જગ્યાની તંગાસને લીધે ના પાડવી પડી છે ત્યારે મને અંદરખાનેથી જે મોટો સંતોષ થાય છે તે એ કે એકતાલીસ વરસની તબીબી ધંધાદારી તરીકેની ભારે રંજ અને થાકવી નાખનારા કામ પછી હું મારા ભાઇબંધ તબીબી ધંધાદારીઓનો વીશવાસ અને ચાહ તેમજ તેઓની મહેરબાની ખેંચવાને પછાત પડયો નથી. હું જ્યારે પણ કોઇ સવાલ વીષે મારા વીચારો દરસાવતો ત્યારે આજ લગણ હું હંમેશ મારા અંતકરણપુર્વક ચાલી તે વીચારો દરશાવતો આવ્યો હતો અને મને પોતાને તબીબી ધંધાનાં ભલાં માટે જે કાંઇ વાજબી માર્ગ લાગતો તે માર્ગ એખતયાર કરવાને હું અત્યારસુધીમાં કદીપણ પછાત પડયો નથી. તબીબી વીદ્યારથીઓને તેઓનાં ધંધા ઉપરાંત સામાનય કામ લાગે એવી ઉંચા પ્રકારની કેળવણી આપવાને હું હંમેશ યુનીવરસીટીમાં તેમજ તેની બહાર મજબુત હીમાયત કરતો આવ્યો છું, અને મારી વધતી જતી વય તથા દુનયાદારીના પાકત અનુભવ સાથે જોઇ લીધું છે કે જો બીજા ધંધામાં પડેલા સભાસદો સાથે આપણા તબીબી ધંધાનો મોભો અને ટેક જાલવી રાખવો હોય તો આપણી શરૂઆતની કેલવણી વધારે ઉદાર પ્રકારની બનાવવી જોઇએ.

બોમ્બે મેડીકલ રેજીસ્ટ્રેશન એકટ, કે જે માટે આપણે મુંબઇના માજી ગવરનર લોર્ડ સીડનહેમના આભારી છીએ તથા જે હું ધારૂંચ કે આપણા તબીબી ધંધાની તવારીખમાં એક નવોજ સફો ઉઘાડશે. મુંબઇની યુનીવરસીટી સેંકડો તબીબી ગ્રેડયુએટોને બહાર પાડે છે પણ તે તેઓના ઉપર કોઈપણ જાતનો કાબુ ધરાવતી નથી. આથી પરીણામ એ આવ્યું છે કે જોકે આપણો ધંધો તબીબી બાહોશીમાં ઘણો ઝડપથી આગલ વધતો જાય છે, પણ તે સાથે તબીબી ધંધાના નીયમો ઉપર કોઇપણ રીતે ધ્યાન આપવામાં આવતું નથી, અને તેથી તેઓ ઉપર કોઇપણ જાતનો નઇતીક કે કાયદેસરનો આંકોશ રહી શકતો નથી.

આપણે હાલમાં કાલેજ ઓફ ફીઝીશીયનઝ એંડ સરજીયનઝની સ્થાપના કરી છે અને ભવીષ્યમાં આપણા વીધ્યારથીઓની એક ઘણી મોટી સંખ્યા આ મંડળમાં શામેલ થશે. આગળ આપણા તરફ પોસ્ટ ગ્રેડયુએટનાં શીક્ષણ જેવું કશું હસ્તી ધરાવતું નહીં હતું, પણ હાલમાં તેના અભ્યાસ માટે આપણી પોતાની કાલેજમાં સઘળી સગવડો જોવામાં આવે છે. વળી એ સાથે સ્કુલ ઓફ ટ્રાપીકલ મેડીસીન, કે જેની આપણા શહેરમાં થોડુંકમાંજ સ્થાપના કરવામાં આવનાર છે તેથી એ અભ્યાસ કરવાના વીસ્તારમાં ઓર વધારો થશે.

આપણા કેટલાક આગેવાન શહેરીઓ એક નવી મેડીકલ કોલેજ આપણાં શહેરમાં ઉભી કરવાની તરફેણમાં છે, પણ તેઓની સાથે મળી આ કામ હાર પાડવાનું તથા તેને દરેક બનતી મદદ આપવાનું તમારા હાથમાં છે. ઇંડીઅન મેડીકલ સરવીસના ડીરેકટર જનરલ સર પારડી લ્યુકીસે આસરે પાંચ વરસની વાત ઉપર આજ હોલમાં મારા તબીબી મીત્રોએ આપેલાં ખાણાના મેળાવડા વેળાએ મેં આજ બાબત ઉપર કરેલી સુચનાને મોટો ટેકો આપયો હતો. તેઓએ એ વેળા પોતાની એવી ઉમેદ દરશાવી હતી કે હીંદના દરેક અગતયના મથકમાં પુરતી સામગ્રીઓ સાથની મેડીકલ સ્કુલો હસ્તીમાં લાવત્રી, કે જેવી સ્કુલો સરકારી મેડીકલ સ્કુલોની સાથે મળી કામ કરે તથા એવું દરેક ખાતું યુનીવરસીટી પરીક્ષામાં સર્વથી સરસ પરીણામ બહાર પાડવા કોશેષ કરે.

પારસી સુવાવડખાનું.

પારસી સુવાવડખાનાના સંબંધમાં આજથી પાંચ વરસ અગાઉ મને નામદાર શેહેનશાહ તરફથી કૈસરે હીંદનો સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો હતો–તેની ખુશાલીમાં તબીબોના મળેલા આવાજ એક મેળાવડા સનમુખ મેં જે વિચારો દરશાવયા હતા તે હું અત્રે ફરી ફરીને દરશાવીશ નહી. હું એટલુંજ જણાવીશ કે આ ખાતાએ એકલી મારી કોમનીજ નહી પણ સઘળી કોમોની આડકતરી રીતે કીમતી સેવા બજાવી છે. મેં તે વેળા વળી ફરીયાદ કરી હતી કે સરકાર તબીબી સેવાઓ બજાવનારની જેવી જોઇએ તેવી પીછાણ કરતી નથી અને ઉમેદ દરશાવી હતી કે તમો મારા જવાન મીત્રોમાંના કેટલાકો માનપાનને લાયક નીવડો. નામદાર સરકારે આ માન માટે મને પોતાને પસંદ કર્યો છે અને તે માટે આપણે સઘળા લોર્ડ વીલીંગડનની સરકારનો મોટો આભાર માનીશું. આગલી રાત્રે હું એડીનબરુટન સોસાયટીના ખાણાંમા ગયો હતો જે વેળા મેં પુરાણાં એલફીનસ્ટોનીઅનોને પોતાના ભાષણમાં પોતાના આગલા પ્રોફેસરોને ઘણાં માન અને ચાહથી યાદ કરતા સાંભળયા હતા. હું ઇચ્છુંચ કે આપણે પણ દર સાલ આવાજ પ્રકારનો મેળાવડો કરયે કે જ્યાં આપણે આપણાં પ્રોફેસરોએ આપણા માટે શું કરયું હતું તેની યાદ કરી શકયે. ડા૦ ગ્રે દબલીનથી મારા ઉપરના પોતાના છેલ્લા પત્રમાં જણાવે છે કે "જોકે આપણાં વચ્ચે પત્ર વયવહાર ચલાવાને વરસો થઇ ગયા છે છતાં તમારી યાદ મારા મગજમાં તાજી છે. નામદાર સરકારે તમોને માન આપી લાયકને લાયક માન આપયું છે. જો કે આ માન ઘણા વરસ અગાઉ મળવું જોઇતું હતું. તમો મારા એક બહુજ પુરાણા વીદયારથી હોવાથી તમોને માન મળેલું જોઇ મને સંતોષ ઉપજે છે." તેમજ ગ્રાંટ મેડીકલ કોલેજના એક રીટાયર્ડ પ્રીનસીપલે પણ મારા ઉપર ઘણો માયાકુળ પત્ર લખયો છે. આ પત્ર ડૉ૦ હેનરી કુક તરફનો છે કે જેઓના માટે મુંબઇના સઘળા તબીબો માન ધરાવે છે. તે ઉપરાંત યુરોપથી સંખ્યાબંદ કાગલો મને મળ્યાં છે જેમાં ઇનદીયન મેદીકલ સરવીસમાંથી રીતાયર થયલા દાક્તરો હજુર કહેવા વાહલથી આપણને યાદ કરે છે તે બતાવી આપે છે.

તબીબોનો આવો એક દબદબાભરયો મેળાવડો ફરીને કદાચ નહી થાય તેથી અત્રે વીસ્તારીને બોલવાની મેં તક લીધી છે. હું સેવટમાં તમો સઘળાઓએ આજે મને જે મોટી જીયાફત આપી છે તે માટે તમારો ફરી આભાર માની મારી બેઠક લઇશ.

એ પછી ડૉ૦ સોરાબ નરીમાને પ્રમુખની સલામતી લેવાડીયા પછી પરોણાઓ રાત્રે મોડેથી વીખેરાયાં હતાં.